# કર્મગ્રંથ-૨

લેખક-સંપાદક

પરમ પૂજ્ય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મ.

## વિવેચન



પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૧૯

# કર્મગ્રંથ-૨

## વિવેચન

લેખક-સંપાદક

પ.પૂ. આચાર્ય શ્રી નરવાહનસૂરિ મ.

પ્રકાશક

પદાર્થ-દર્શન ટ્રસ્ટ

આશ્રમરોડ - અમદાવાદ.

પુસ્તક-૧૯ મું
**કર્મગ્રંથ-૨**
વિવેચન

વીર સં. ૨૫૨૩
સને ૧૯૯૭

સંવત ૨૦૫૩
માગશર વદી-૧૦

કિંમત
**રૂા. ૨૦-૦૦**

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન**

ટાઈપ સેટીંગ
**ભવાની ગ્રાફિકસ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૪૬૭૯૨૧

મુદ્રક
**શીવકૃપા ઑફસેટ**
દૂધેશ્વર
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા પરમપૂજ્ય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબ.

## આર્થિક સહયોગ

**સુત્રોની બોલીની રકમમાંથી**
**શ્રીપાળનગરની આરાધક**
**બહેનો તરફથી....**

# નિવેદન

કર્મગ્રંથ-૨ માં કર્મની કેટલી પ્રકૃતિઓ બંધમાં-ઉદયમાં ઉદીરણામાં તેમજ સત્તામાં હોય છે તે બતાવવા સાથે કયા ગુણસ્થાનકે કેટલી બંધાય, કેટલી ઉદયમાં હોય-કેટલી ઉદીરણા તથા સત્તામાં હોય તે બતાવવા માટે પહેલાં ચૌદ ગુણસ્થાનકનું વર્ણન કરવામાં આવે છે અને તેમાં પ્રકૃતિઓનો જે રીતે હ્રાસ થાય છે તેની સમજ સરળતાપૂર્વક પ.પૂ. આચાર્યશ્રી નરવાહનસૂરિ મહારાજે તૈયાર કરી આપેલ છે કે જેથી અભ્યાસી વધુ સારી રીતે અને ઓછા શ્રમે તેને ઝીલી શકે.

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ સૂત્રોની બોલીની રકમમાંથી શ્રીપાળનગરની આરાધક બહેનોએ લીધેલ છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

એજ લી.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

## -: સૂચના :-

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યતાએ પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન-જ્ઞાન-ભંડારોની જાળવણી-પૂજ્ય સાધુ સાધ્વી ભગવંતોના અધ્યયનની વ્યવસ્થા આદિમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે. આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએ જ અદા કરવાનું છે. તે શક્ય ન હોય અને જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ એમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે તેથી જ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘો હસ્તકના શ્રી જ્ઞાનભંડારોને જ ગ્રંથ સાદર સમર્પિત કરાશે ગૃહસ્થોએ એ ગ્રંથ વસાવવો હોય તો તેનું પુરૂં મૂલ્ય શ્રી જ્ઞાન ખાતે અર્પણ કરીને જ વસાવવો અને શ્રી જ્ઞાનભંડારમાંથી વાંચન કરવા માટે ઉપયોગ કરવો હોય તો તેનો યોગ્ય નકરો શ્રી જ્ઞાન ખાતે આપવા ચૂકવું નહિ જેથી કોઈપણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

## : પ્રાપ્તિ સ્થાનો :

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૬૫૬૨૩૩૭

**અશ્વિનભાઈ એસ શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ,
અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯

## શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમ:

# ચૌદગુણસ્થાનક વિવેચન

જે પ્રકારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગુણસ્થાનકને વિષે વિશુધ્ધિ પ્રામ કરતાં કરતાં સઘળાય ગુણસ્થાનકોને સ્પર્શતા બંધ-ઉદય-ઉદીરણા અને સત્તારૂપ કર્મ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ-ઉદય વિચ્છેદ-ઉદીરણા વિચ્છેદ અને સત્તા વિચ્છેદ કરતાં કરતાં સિધ્ધિગતિને પામ્યા તે રૂપે હું તેમની સ્તવના કરું છું.

આ કારણથી આ કર્મગ્રંથ સ્તવનારૂપે ગણાય છે. તેથી આ કર્મગ્રંથને વિશે ૧૪ ગુણસ્થાનકોમાં કયા કયા ગુણસ્થાનકોને વિશે કેટલી કેટલી પ્રકૃતિઓ બંધ - ઉદય - ઉદીરણા તથા સત્તામાં હોય છે તે જણાવશે. તેમજ તે તે ગુણસ્થાનકને વિશે બંધમાંથી-ઉદયમાંથી-ઉદીરણામાંથી અને સત્તામાંથી કેટલી કેટલી પ્રકૃતિઓનો વિચ્છેદ થાય છે તે જણાવાશે.

### ૧૪ ગુણસ્થાનકના નામ :

| | | | |
|---|---|---|---|
| (૧) | મિથ્યાત્વ | (૮) | નિવૃત્તિકરણ અથવા અપૂર્વકરણ |
| (૨) | સાસ્વાદન | (૯) | અનિવૃત્તિકરણ |
| (૩) | મિશ્ર | (૧૦) | સુક્ષ્મસંપરાય |
| (૪) | અવિરતિ સમ્યક્દ્રષ્ટિ | (૧૧) | ઉપશાંતમોહ છદ્મસ્થ વિતરાગ |
| (૫) | દેશ વિરતી | (૧૨) | ક્ષીણમોહ છદ્મસ્થ વિતરાગ |
| (૬) | પ્રમત્ત સર્વવિરતી | (૧૩) | સયોગીકેવળી |
| (૭) | અપ્રમત્ત સર્વવિરતી | (૧૪) | અયોગીકેવળી |

### ૧૪ ગુણસ્થાનકનું સ્વરૂપ :

ગુણસ્થાનક : ગુણ એટલે જ્ઞાનાદિ ગુણો તેઓનું જે સ્થાન તે ગુણસ્થાનક કહેવાય છે, એટલે કે જ્ઞાનાદિ ગુણોની શુધ્ધિરૂપ ક્રમસર થતો પ્રકર્ષ અને જ્ઞાનાદિગુણોની અશુધ્ધિરૂપ ક્રમસર થતો અપકર્ષરૂપ જે અધ્યવસાય તે ગુણસ્થાનક કહેવાય છે.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક : મિથ્યાત્વ એટલે સર્વજ્ઞ પરમાત્માએ કહેલા જીવાદિ પદાર્થોને વિશે વિપરીત બુધ્ધિ તે મિથ્યાત્વ કહેવાય છે.

તત્ત્વની દ્રષ્ટિએતો જગતમાં રહેલા કુદેવ-કુગરૂ-કુધર્મને સુદેવ-સુગરૂ-સુધર્મ રૂપે ધર્મબુધ્ધિએ માનવા અથવા એની આરાધના કરવી તે મિથ્યાત્વ કહેવાય છે.

આ ગુણસ્થાનકે રહેલા જીવોનુ વાર્ણન :

જીવોના બે ભેદ (૧) અવ્યવહારરાશીવાળા (૨) વ્યવહારરાશીવાળા

(૧) અવ્યવહારરાશીવાળા જીવો : જે જીવો સુક્ષ્મ નિગોદમાં અનાદિકાળથી છે. હજુ સુધી બહાર નીકળ્યા નથી તે જીવોને અવ્યવહારરાશીવાળા જીવો કહેવાય છે.

(૨) વ્યવહારરાશીવાળા જીવો : જે જીવો અનાદિકાળથી સુક્ષ્મ નિગોદમાં રહેલા હતા જ્યારે એક જીવ સિદ્ધિગતિમાં જાય ત્યારે તેમાંથી બહાર નીકળી એટલે કે અનાદિ સુક્ષ્મ નિગોદરૂપે જે રહેલા હતા તેમાંથી પૃથ્વીકાય,અપ્કાય, તેઉકાય, વાઉકાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં એકેન્દ્રિયરૂપે ઉત્પન્ન થાય તે વ્યવહારરાશીવાળા જીવો કહેવાય છે.

વ્યવહારરાશીમાં આવ્યાબાદ જીવ સુક્ષ્મ નિગોદરૂપે ઉત્પન્ન થાય તોપણ તે વ્યવહારરાશીવાળો જીવ ગણાય છે. અથવા સાદિ સૂક્ષ્મનિગોદરૂપે પણ ગણાય છે. આ સાદિનિગોદવાળો જીવ નિગોદમાંથી નીકળીને તિર્યંચ અને મનુષ્યરૂપે ગમે ત્યારે ઉત્પન્ન થઇ શકે છે. આને નિગોદમાંથી નીકળવા માટે એક જીવ સિદ્ધિગતિમાં જાય તો જ નીકળે તેવો નિયમ હોતો નથી.

સામાન્ય રીતે આ ગુણસ્થાનકે છ પ્રકારના જીવો હોય છે.

(૧) અભવ્યજીવો (૨) જાતિભવ્યજીવો (૩) દુર્ભવ્યજીવો (૪) ભારેકર્મીભવ્ય જીવો (૫) લઘુકર્મીભવ્યજીવો (૬) દુર્લભબોધિભવ્ય જીવો.

(૧) અભવ્યજીવો : આ જીવો અનાદિ નિગોદરૂપ અવ્યવહારરાશી તથા વ્યવહારરાશીમાં રહેલા હોય છે. આ જીવોમાં મોક્ષ ગમનની યોગ્યતા હોતી જ નથી, એટલે કે આ જીવોના આત્મપ્રદેશોને વિષે તિરોહીત ભાવે કેવળજ્ઞાન રહેલું હોવા છતાં અને મુક્તિગમન યોગ્ય સામગ્રી મળવા છતાં પણ કોઇ કાળે કેવળજ્ઞાન પ્રામ કરવાની ઇચ્છા પેદા થતી જ નથી તે અભવ્યજીવો કહેવાય છે.

(૨) જાતિભવ્યજીવો : જે ભવ્યજીવો અનાદિકાળથી અનાદિ સુક્ષ્મ નિગોદમાં રહેલા છે અને આ ભવ્યજીવોના આત્મપ્રદેશોને વિશે તિરોભાવે કેવળજ્ઞાન રહેલું પણ છે. કોઇ કાળે આ ભવ્યજીવો વ્યવહારરાશીમાં કદાચ આવે અને મુક્તિગમનની સામગ્રી મળે તો પુરૂષાર્થ કરીને મોક્ષને પામી શકે તેવી યોગ્યતા હોવા છતાં પણ આ જીવોનો સ્વભાવ જ એવા પ્રકારનો હોય છે. કે તેઓ કોઇકાળે અનાદિ સુક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળવાના નથી એટલે કે વ્યવહારરાશીમાં કોઈકાળે દાખલ થવાના નથી તેને જાતિભવ્યજીવ કહેવાય છે.

(૩) દુર્ભવ્યજીવો : જે ભવ્યજીવોનો સંસાર એક પુદ્ગલપરાવર્ત કરતાં એક ભવ અધિકથી શરૂ કરીને સંખ્યાતા ભવ - અસંખ્યાતા ભવ - કે અનંતાભવ યાવત્ અનંત

પુદ્ગલપરાવર્ત જેટલો કાળ પરિભ્રમણનો બાકી હોય અર્થાત્ જે જીવો હજુ સુધી ચરમાવર્તકાળમાં દાખલ થયેલા નથી તે જીવોને દુર્ભવ્ય જીવો કહેવાય છે આ જીવો અવ્યવહારરાશી તેમજ વ્યવહારરાશીમાં રહેલા હોય છે.

(૪) ભારેકર્મી ભવ્યજીવો : જે જીવોનું સંસારપરિભ્રમણ એક પુદ્ગલ પરાવર્તકાળથી વધારે હોય નહિં અર્થાત્ એક પુદ્ગલપરાવર્ત કે તેથી કાંઇક ન્યુન સંસાર જે જીવોનો બાકી હોય તે ભારેકર્મી ભવ્યજીવો કહેવાય છે. આ જીવોના કર્મોનો સહજમળ નાશ થયેલો હોતો નથી.આ જીવોને ચરમાવર્તકાળમાં આવેલા કહેવાય છે. આ જીવોપણ અવ્યવહારરાશી તથા વ્યવહારરાશીમાં રહેલા હોય છે.

(૫) લઘુકર્મી ભવ્યજીવો : જે જીવોનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તકાળ કરતાં કંઇક ન્યુન હોય તે લઘુકર્મી ભવ્ય જીવો કહેવાય છે. આ જીવોના સહજમળનો હ્રાસ થયેલો હોય છે. આ જીવો પણ અવ્યવહારરાશી તથા વ્યવહારરાશીમાં રહેલા હોય છે.

(૬) દુર્લભબોધિ ભવ્યજીવો : જે જીવો સન્નીપચેંન્દ્રિય પર્યાપ્તપણું પામીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે તે સમકિતના કાળમાં, ભૂતકાળમાં બાંધેલા કોઇ નિકાચીત કર્મના કારણે જિનેશ્વર ભગવંતના પ્રરૂપેલા કોઈપણ તત્ત્વ પ્રત્યે મજબૂત અશ્રદ્ધા (અભિનિવેશ) થવાથી મિથ્યાત્વને પામેલા હોય તે જીવોને દુર્લબબોધિ જીવો કહેવાય છે. આ જીવોનું દુર્લભબોધિપણું સંખ્યાતાભવ - અસંખ્યાતાભવ કે અનંતાભવ સુધીનું હોય છે. (અર્ધપુદ્ગલપરાવર્તથી કાંઇક ન્યુન) આ જીવો નિયમા વ્યવહારરાશીમાં જ હોય છે.

અવ્યવહારરાશીમાં આ છ પ્રકારના જીવોમાંથી પાંચ પ્રકારના જીવો હોઇ શકે છે. (૧) અભવ્ય (૨) જાતિભવ્ય (૩) દુર્ભવ્ય (૪) ભારેકર્મીભવ્ય (૫) લઘુકર્મીભવ્ય

જે જીવો અવ્યવહારરાશીમાં અનંતા પુદ્ગલ પરાવર્તકાળ પસાર કરી છેલ્લા પુદ્ગલપરાવર્તકાળમાં પ્રવેશ કરે અર્થાત્ જે જીવોનો એક પુદ્ગલપરાવર્ત જેટલો કાળ બાકી રહે એવા જીવોને ભારેકર્મીભવ્યજીવ કહેવાય. તથા અવ્યવહારરાશીમાં જ ચરમ પુદ્ગલપરાવર્તકાળમાં દાખલ થઇ અનંતોકાળ પસાર કરી અર્ધપુદ્ગલપરાવર્તકાળ કરતાં ન્યુન કાળમાં પ્રવેશ કરે ત્યારે તે લઘુકર્મી જીવ કહેવાય છે. મરૂદેવા માતા, જેવા અનંતા જીવો રહેલા હોય છે.

વ્યવહારરાશીમાં છ પ્રકારના જીવોમાંથી ૫ પ્રકારના જીવો હોય છે. (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) લઘુકર્મીભવ્ય (૫) દુર્લભબોધિ ભવ્ય

**બીજીરીતે મિથ્યાત્વ ૨ ભેદે :** (૧) અવ્યક્ત મિથ્યાત્વ (૨) વ્યક્ત મિથ્યાત્વ

(૧) અવ્યક્ત મિથ્યાત્વ : જે જીવોને મિથ્યાત્વના ઉદયકાળમાં અનાભોગપણાની સંજ્ઞા રહેલી હોય તે જીવોને અવ્યક્ત મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ એકેન્દ્રિયથી શરૂકરીને અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા જીવોને હોય છે.

(૨) વ્યક્ત મિથ્યાત્વ : વ્યવહારરાશીમાં આવ્યાબાદ સંજ્ઞીપણું પ્રાપ્ત કરેલ જીવોને જે મિથ્યાત્વનો ઉદય હોય છે. તે વ્યકત મિથ્યાત્વ કહેવાય છે.

કેટલાક આચાર્યોના મતે અવ્યવહારરાશીમાં રહેલા જીવોને અવ્યક્ત મિથ્યાત્વી કહેવાય છે અને વ્યવહારરાશીમાં આવેલા જીવોને વ્યક્ત મિથ્યાત્વી કહેવાય છે. આ વિવક્ષાથી અવ્યવહારરાશીમાં છ પ્રકારના જીવોમાંથી ૨ પ્રકારના જીવો આવે છે (૧) જાતિભવ્ય (૨) અભવ્ય કે જેઓ અવ્યવહારરાશીમાંથી હજુ બહાર નીકળ્યા નથી અને કદિ બહાર નીકળવાના નથી તે જાણવા. વ્યવહારરાશીમાં વ્યકત મિથ્યાત્વવાળા જીવો પાંચ પ્રકારે હોય છે. (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) લઘુકર્મીભવ્ય (૫) દુર્લભબોધિભવ્ય

**ત્રીજા વિકલ્પથી મિથ્યાત્વના બે પ્રકાર**

(૧) લૌકિક મિથ્યાત્વ (૨) લોકોત્તર મિથ્યાત્વ.

(૧) લૌકિક મિથ્યાત્વ : જગતમાં રહેલા પાંચે ઈન્દ્રિયોના અનુકુળ પદાર્થો મેળવવા-ભોગવવા-સાચવવા અને કાયમ જીવું ત્યાંસુધી રહે એ ભાવનાથી ટકાવવા તથા પાંચે ઈન્દ્રિયોના પ્રતિકૂળ પદાર્થોથી દુ:ખ આવવાનું હોય અગર આવેલા દુ:ખના નાશને માટે જૈનશાસનના દેવ-ગુરુ-ધર્મ સિવાય ઈત્તર દેવ- દેવીઓને દેવ રૂપે - સન્યાસીઓને ગુરુરુપે તથા તેમના ધર્મને ધર્મરૂપે માનવા અને પૂજવા તે લૌકિક મિથ્યાત્વ કહેવાય.

(૨) લોકોત્તર મિથ્યાત્વ : જગતમાં રહેલા પાંચે ઈન્દ્રિયોના વિષયોને મેળવવા- ભોગવવા - સાચવવા અને જીવનના અંતસુધી કાયમ ટકાવવા માટે તથા પાંચે ઈન્દ્રિયોના પ્રતિકૂળ પદાર્થોથી દુ:ખ આવવાનું હોય અગર આવેલા દુ:ખના નાશને માટે અરિહંતની તથા અરિહંતની આજ્ઞા મુજબ વિચરતા એવા સાધુઓની તથા અરિહંતે કહેલા એવા ધર્મની માનતા રાખી દર્શન - પૂજન વિગેરે કરવું તે લોકોત્તર મિથ્યાત્વ કહેવાય છે.

**મિથ્યાત્વના ચાર ભેદ :**

(૧) લૌકિક દેવગત મિથ્યાત્વ (૨) લૌકિક ગુરૂગત મિથ્યાત્વ (૩) લૌકોત્તર દેવગત મિથ્યાત્વ (૪) લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ

**બીજી રીતે મિથ્યાત્વના ૪ ભેદ :**

(૧) પ્રરૂપણા મિથ્યાત્વ (૨) પ્રવર્તન મિથ્યાત્વ (૩) પરિણામ મિથ્યાત્વ (૪) પ્રદેશ મિથ્યાત્વ

(૧) પ્રરૂપણા મિથ્યાત્વ : શ્રી જીનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલ (પ્રકાશીત કરેલ) ધર્મથી વિપરીતરીતે પ્રરૂપણા કરવી તે પ્રરૂપણા મિથ્યાત્વ કહેવાય.

(૨) પ્રવર્તન મિથ્યાત્વ : લૌકિક ને બદલે લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી કે કરાવવી તે પ્રવર્તન મિથ્યાત્વ કહેવાય છે.

(૩) પરિણામ મિથ્યાત્વ : મનમાં જુઠો હઠવાદ રાખે અને કેવળીભાષિત નવતત્ત્વના અર્થને યથાર્થરૂપે સદ્દહણા ન કરે તે પરિણામ મિથ્યાત્વ કહેવાય છે.

(૪) પ્રદેશ મિથ્યાત્વ : સત્તામાં રહેલ મિથ્યાત્વમોહનીયના કર્મદલિકોને ઉદયમાં લાવી ભોગવવા તે પ્રદેશ મિથ્યાત્વ કહેવાય છે.

૬ પ્રકારના જીવોમાથી પ્રરૂપણા મિથ્યાત્વ ચાર પ્રકારના જીવોમાં હોય છે. (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) દુર્લભબોધિભવ્ય

પ્રવર્તન મિથ્યાત્વ ૬ માંથી ૪ પ્રકારના જીવોમાં હોય છે (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) દુર્લભબોધિભવ્ય

પરિણામ મિથ્યાત્વ ૬ માંથી ૫ પ્રકારના જીવોમાં હોય છે. (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) લઘુકર્મીભવ્ય (૫) દુર્લભબોધિભવ્ય

પ્રદેશ મિથ્યાત્વ : આ મિથ્યાત્વ ૬ એ પ્રકારના જીવોમાં હોય છે. (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) જાતિભવ્ય (૫) લઘુકર્મી ભવ્ય(૬) દુર્લભબોધિ ભવ્ય

**બીજી રીતે મિથ્યાત્વના પાંચ પ્રકાર :**

(૧) અભિગ્રહિક (૨) અનભિગ્રહિક (૩) આભિનિવેષિક (૪) સાંશયિક (૫) અનાભોગીક મિથ્વાત્વ

(૧) અભિગ્રહિક મિથ્યાત્વ : અભિગ્રહથી ઉત્પન્ન થયેલ અનેક પ્રકારના કુદર્શનોમાંથી કોઈપણ એક દર્શનને જ શ્રેષ્ઠ (સાચું) માનવાનો આગ્રહ રાખે તે અભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વમાં (અભવ્ય-દુર્ભવ્ય ભારેકર્મીભવ્ય તથા દુર્લભબોધિ) આ ચાર પ્રકારના જીવો ગણી શકાય.

(૨) અનભિગ્રહિક મિથ્યાત્વ :- સમજણના અભાવે મધ્યસ્થપણાના કારણથી જગતમાં રહેલા સર્વદર્શનોને કોઈપણ જાતની પકકડ વિના સારા માને તે

અનભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. આ મિથ્યાત્વ પાંચ પ્રકારના જીવોને હોય (૧) અભવ્ય (૨) દુર્ભવ્ય (૩) ભારેકર્મીભવ્ય (૪) લઘુકર્મીભવ્ય (૫) દુર્લભબોધિભવ્ય

(૩) આભિનિવેષિક મિથ્યાત્વ : શ્રી જિનેશ્વર ભગવંતો પ્રરૂપિત તત્ત્વોને વિશે નિકાચિત કર્મના ઉદયને કારણે પોતાની બુદ્ધિથી સાચું સમજવા છતાં ખોટું પકડી જ રાખે તે આભિનિવેષિક મિથ્યાત્વ કહાવાય છે. આ મિથ્યાત્વ ફકત દુર્લભબોધિ જીવોને જ હોય છે.

(૪) સાંશયિક મિથ્યાત્વ : (૧) દેશસાંશયિક (૨) સર્વસાંશયિક

(૧) દેશસાંશયિક : શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલ જેટલા પદાર્થો છે તેમાંથી કોઈકમાં શંકા રાખ્યા કરવી તે દેશસાંશયિક મિથ્યાત્વ કહેવાય છે. તે એક લઘુકર્મી ભવ્ય જીવોને હોય છે.

(૨) સર્વસાંશયિક : શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા પદાર્થોને વિશે સંશય રાખ્યા જ કરવો તે સર્વસાંશયિક મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ અભવ્ય-દુર્ભવ્ય-ભારેકર્મી - લઘુકર્મી ભવ્ય તથા દુર્લભબોધી ભવ્ય જીવોને હોય છે.

(૫)અનાભોગિક મિથ્યાત્વ : અનુપયોગપણાથી રહેલું મિથ્યાત્વ તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે આ મિથ્યાત્વ એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યામા જીવોને હોય છે એટલે કે છ એ પ્રકારના જીવોને હોય છે.

**બીજી રીતે મિથ્યાત્વના ૭ પ્રકાર કહેલા છે**. પૂજ્યપાદ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપદેશપદમાં બતાવેલ છે.

(૧) એકાંતિક મિથ્યાત્વ
(૨) સાંશયિક મિથ્યાત્વ
(૩) વૈનયિકિ મિથ્યાત્વ
(૪) પૂર્વવ્યુદગ્રાહી મિથ્યાત્વ
(૫) વિપરીતરૂચી મિથ્યાત્વ
(૬) નિસર્ગ મિથ્યાત્વ
(૭) મૂઢદ્રષ્ટિ મિથ્યાત્વ

(૧) એકાંતિક મિથ્યાત્વ : જીવ સર્વથા ક્ષણિક છે કે અક્ષણિક તેની વિચારણા કરતાં ક્ષણિક કે અક્ષણિકમાંથી એકની જકાર સાથે વિચારણા કરવી તે તથા સગુણ છે કે નિર્ગુણ જ છે એવી વિચારણા કરવી તે એકાંતિક મિથ્યાત્વ કહેવાય છે.

(૨) સાંશયિક મિથ્યાત્વ : શ્રી વિતરાગ પરમાત્માએ જીવ અજીવાદિ જે પદાર્થો કહેલા છે તે સત્ એટલે કે વિદ્યમાન હશે કે નહિં ઈત્યાદિ રૂપ વિચારણા કરવી-સંકલ્પો કરવા તે સાંશયિક મિથ્યાત્વ કહેવાય.

(૩) વૈનયિકિ મિથ્યાત્વ : સર્વ આગમો-શાસ્ત્રો-લીંગ-વેષવાળા સર્વદેવો,

સર્વધર્મો હંમેશા સરખા જ છે એવા પ્રકારની જે બુદ્ધિ પેદા થાય તે વૈનયિકિ મિથ્યાત્વ કહેવાય છે.

(૪) પૂર્વવ્યુદગ્રાહી મિથ્યાત્વ : જેમ ચામડીયાના ટોળામાં ચામડાના ટૂકડાનું ભોજન હોય તેવા કુહેતુ અને કુદ્રષ્ટાંતોથી જે જીવો ભરમાયેલા હોય કે જેઓ સાચા તત્ત્વને પામે નહિં તે પુર્વવ્યુદ્રગ્રાહી મિથ્યાત્વ કહેવાય છે.

(૫) વિપરિતરુચિ મિથ્યાત્વ : જેમ તાવ આવેલાને મધુરરસ કડવો લાગે અને કડવોરસ મધુર લાગે તેમ આરૂચિવાળો જીવ ખોટાને ખરું માને અને ખરાને ખોટું માને તથા તાવ વિગેરે રોગોમાં કુપથ્ય સેવવાનું મન થાય તેમ આ રૂચિવાળા જીવોને કુદેવાદિને જ સેવવાનું મન થાય તે વિપરિતરુચિ મિથ્યાત્વ કહેવાય છે.

(૬) નિસર્ગ મિથ્યાત્વ : જન્માંધ પુરુષ જેમ સારા કે ખરાબ રૂપને સર્વથા ન જોઈ જાણી શકે તેમ જે જીવો તત્ત્વને તત્ત્વરૂપે અને અતત્ત્વને અતત્ત્વરૂપે પોતાના સ્વભાવથી જ ન સમજે તે નિસર્ગ મિથ્યાત્વ કહેવાય છે.

(૭) મુઢદ્રષ્ટિ મિથ્યાત્વ : જે જીવો યુકતાયુક્તનો વિચાર ન કરી શકે અથવા વિચાર કરનાર ન હોય એટલે કે રાગીને દેવ કહે, સ્ત્રી પરિગ્રહ આદિ સંગવાળાને ગુરૂ કહે તથા પ્રાણીની હિંસામાં ધર્મ કહે તે મૂઢદ્રષ્ટિ મિથ્યાત્વ કહેવાય છે.

અવ્યવહારરાશીમાં એક નિસર્ગ મિથ્યાત્વ હોય છે.

વ્યવહારરાશીમાં સાતે સાત મિથ્યાત્વ હોય છે.

એકાંતિક-પુર્વવ્યુદ્ગ્રાહિ-વિપરીતરૂચી-મૂઢદ્રષ્ટિ આ ચારે મિથ્યાત્વને વિષે ૬ પ્રકારના જીવોમાંથી જાતિભવ્ય સિવાય પાંચ પ્રકારના જીવો ઘટે છે. સાંશયિક અને વૈનયિક મિથ્યાત્વમાં એક લઘુકર્મી ભવ્યજીવ પ્રાયે હોય છે.

**બીજી રીતે મિથ્યાત્વના ૧૦ પ્રકારો કહેલ છે.**

(૧) જીવને વિશે અજીવની સંજ્ઞા (૨) અજીવને વિશે જીવની સંજ્ઞા (૩) માર્ગને વિશે ઉન્માર્ગની સંજ્ઞા (૪) ઉન્માર્ગને વિશે માર્ગની સઁજ્ઞા (૫) સુદેવને વિશે કુદેવની સંજ્ઞા (૬) કુદેવને વિષે સુદેવની સંજ્ઞા (૭) સાધુને વિશે કુસાધુની સંજ્ઞા (૮) કુસાધુને વિષે સુસાધુની સંજ્ઞા (૯) ધર્મને વિશે અધર્મની સંજ્ઞા (૧૦) અધર્મને વિષે ધર્મની સંજ્ઞા

બીજી રીતે મિથ્યાત્વના કાળને આશ્રયીને ચાર પ્રકાર થાય છે. (૧) અનાદિઅનંત કાળ (૨) અનાદિસાંતકાળ (૩) સાદિઅનંતકાળ (૪) સાદિસાંતકાળ

(૧) અનાદિઅનંતકાળ મિથ્યાત્વ : જે જીવોને અનાદિકાળથી મિથ્યાત્વનો ઉદય

છે અને અનંતકાળ સુધી મિથ્યાત્વનો ઉદય રહેવાનો હોય તે અનાદિ અનંતકાળ મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ અભવ્ય તથા જાતિભવ્ય જીવોને હોય છે તથા વ્યવહારરાશીમાં આવેલા જાતિભવ્ય જેવા-ભવ્ય જીવોને હોય છે.

(૨) અનાદિસાંતકાળ મિથ્યાત્વ : જે જીવોને મિથ્યાત્વનો ઉદય અનાદિકાળથી હોય અને તેનો નાશ થવાનો હોય એટલે કે મિથ્યાત્વ સાંત થવાનું હોય તે અનાદિ સાંત મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ જે ભવ્ય જીવો મોક્ષમાં જવાવાળા હોય તેઓને હોય છે. દુર્ભવી-ભારેકર્મીભવી અને લઘુકર્મીભવી આવી શકે.

(૩) સાદિ અનંતકાળ મિથ્યાત્વ : જે મિથ્યાત્વનો ઉદય અહિં થયેલો હોય અર્થાત્ એકવાર મિથ્યાત્વનો ઉદય વિચ્છેદ કરી ફરી ઉદય થયેલ હોય તે સાદિ અને તે મિથ્યાત્વ અનંતકાળ સુધી ઉદયમાં રહેવાનું હોય તે સાદિઅનંતકાળ મિથ્યાત્વ કહેવાય છે. આ ભાંગો સામાન્ય રીતે કોઈપણ જીવોને હોતો નથી પણ વિવક્ષા ભેદથી અભવ્ય જીવોને ઘટી શકે છે. તે આ રીતે-અવ્યવહારરાશીમાં રહેલા-અભવ્ય જીવોને અવ્યક્ત મિથ્યાત્વ હોય છે. જ્યારે એક જીવ સિદ્ધિગતિમાં જાય ત્યારે અવ્યવહારરાશીમાંથી એક જીવ વ્યવહારરાશીમાં આવે છે તે નીકળતો જીવ અભવ્યનો પણ હોઈ શકે છે એવા વ્યવહારરાશીમાં આવેલા અભવ્યજીવોને વ્યક્તમિથ્યાત્વવાળા કહેવાય છે. જ્યારે એ આત્મા વ્યવહારરાશીમાં દાખલ થાય ત્યારે વ્યાકૃત મિથ્યાત્વની સાદિ થઈ ગણાય અને એ મિથ્યાત્વનો ઉદયકાળ અનંતકાળ સુધી રહે છે. આ કારણથી સાદિ અનંતકાળ ભાંગો ઘટી શકે.

(૪) સાદિસાંત કાળ : જે જીવો મિથ્યાત્વનો ઉદય વિચ્છેદ કરી ફરીથીઉદય પ્રાપ્ત કરે તે સાદિ કહેવાય અને તે ઉદયકાળ ભવિષ્યમાં વધારેમાં-વધારે અર્ધપુદ્ગલ પરાવર્ત કાળે સાંત કરશે તે સાંત કહેવાય આ સાદિસાંત મિથ્યાત્વ લઘુકર્મી તથા દુર્લભબોધિ જીવોને હોય છે.

અનાદિયથાપ્રવૃત્તકરણ : વ્યવહારરાશીમાં આવેલા જે જીવો હોય છે તે સંસારમાં ભટકતા ભટકતા સંજ્ઞી પર્યાપ્તપણું પ્રાપ્ત કરી ૭ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે તે બંધ કર્યાબાદ સંસારમાં પરિભ્રમણ કરતો કરતો અકામ નિર્જરાથી તે ૭ કર્માની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવતા ખપાવતા એક કોટાકોટી સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિસત્તા ન્યુન થાય અને ફરીથી સંજ્ઞી પર્યાપ્તપણું પ્રાપ્ત કરે ત્યારે આ જીવોને અનાદિ યથાપ્રવૃત્તકરણવાળા કહેવાય છે. આ અનાદિયથાપ્રવૃત્તકરણને ગ્રંથીદેશપણ કહેવાય છે. આ ગ્રંથીદેશે અભવ્ય-દુર્ભવ્ય-ભારેકર્મી અને લઘુકર્મી જીવો અનંતીવાર આવીને ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી ગ્રંથીદેશથી પાછા ફરી જાય છે. સંજ્ઞી

પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોને નવકારમંત્રનો કોઈપણ અક્ષર બોલતાં આવડે તે જીવો ગ્રંથીદેશે આવેલ છે અથવા અનાદિયથાપ્રવૃત્તકરણે આવેલા છે એમ કહેવાય છે.

**ગ્રંથી :** જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી - દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી તથા અંતરાયકર્મના ક્ષયોપશમથી જ્યાં સુધી જીવોને દુન્યવી અનુકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ રાગની પુષ્ટી થતી જાય તેવો પરિણામ તથા દુન્યવી પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષની પુષ્ટી થતી જાય તેવો જે પરિણામ તે ગ્રંથી કહેવાય છે.

કેટલાક જીવો અનાદિયથા પ્રવૃતકરણે આવી કિલષ્ટ પરિણામી થઈ સાતે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વારંવાર બાંધીને સંસારમાં અનંતીવાર પ્રરિભ્રમણ કરે છે.

દ્વિરબંધક : કેટલાક જીવો અનાદિ યથાપ્રવૃત્તકરણે આવ્યા બાદ કિલષ્ટ પરિણામી થઈને સાતે કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ, સંસારમાં પરિભ્રમણ કરતાં બે વાર પ્રાપ્ત કરે તે દ્વિરબંધક જીવો કહેવાય છે.

સકૃતબંધક જીવો : કેટલાક જીવો અનાદિયથાપ્રવૃત્તકરણે આવીને કિલષ્ટ પરિણામના કારણે ૭ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ એકજવાર બાંધે તે સકૃતબંધક જીવો કહેવાય છે.

અપુનરબંધક જીવો :- અનાદિયથાપ્રવૃત્તકરણે આવ્યા બાદ તીવ્રભાવે પાપ કરવાની વૃત્તિ ન હોવાથી ઉત્કૃષ્ટસિથતિબંધ પ્રાપ્ત ન કરે તે અપુનરબંધક જીવો કહેવાય છે. આ ગ્રંથીદેશે આવેલા અભવ્ય-દુર્ભવ્ય-ભારેકર્મીભવ્ય તથા લઘુકર્મીભવ્ય જીવોને સાતે કર્મોની સ્થિતિ પ્રાય; એક સરખી હોય છે તથા દુર્લભબોધિ ભવ્ય જીવો પણ ગ્રંથી દેશે અનંતોકાળ રહી શકે છે.

આ પાંચે પ્રકારના જીવો સંજ્ઞીપર્યાપ્તપણું પ્રાપ્ત કરી મનુષ્યગતિમાં રહેલા કે કોઈપણ ગતિમાં રહેલા, ભગવાનની ધર્મદેશના સાંભળી શકે છે. ધર્મદેશના સાંભળતા સાંભળતાં જે લઘુકર્મી ભવ્ય જીવો હોય છે તે જીવને ભગવાનની વાણી પ્રત્યે બહુમાન તથા આદરભાવ પેદા થાય છે. અને તેના હૈયામાં જીવનમાં કોઈવાર સાંભળ્યું ન હોય એવું સાંભળવા મળતા અપુર્વઆનંદ પેદા થાય છે તે આનંદને જાળવી રાખવા માટે દેશના સાંભળ્યા પછી વારંવાર તે શબ્દોને મનથી વિચારણા કરતો કરતો યાદ કરે છે.

આ કક્ષાથી આ જીવને અભવ્યાદિ જીવો કરતાં અસંખ્યગુણી અધિક નિર્જરા પ્રાપ્ત છે. આ જીવ આ રીતે વારંવાર પ્રવૃત્તિ કરતાં - સાંભળતાં મનમાં વિચાર કરતાં આદર અને બહુમાનભાવ ભગવાનની વાણી પ્રત્યે વધારતો જાય છે. આ પ્રવૃત્તિથી

સહજભાવે પોતાના અંતરાત્મામાં વિચાર સ્ફુરાયમાન થાય કે કેવી સુંદર વાત છે.? આ વાત ટકતી નથી તેનું મૂળ કારણ શું છે તે જાણવાની જિજ્ઞાસા પેદા થાય છે. આ જિજ્ઞાસા પેદા થતાં એને ભગવાન અથવા ભગવાનના માર્ગના સાધુ પાસે જાણવા જવાની ઈચ્છા થાય છે અને તેમાં તેને ખબર પડે કે આનું મૂળ કારણ રાગાદિની ગાઢ પરિણતી રૂપ ગ્રંથી જ છે, એમ જાણ્યા પછી જ્યારે નવરો પડે ત્યારે વારંવાર તેની વિચારણા કરતાં ગ્રંથીને વિશેષ રીતે ઓળખતો જાય અને તેના પ્રત્યે સહજ રીતે અંતરમાં દ્વેષ પેદા થતો જાય.જેમ જેમ દ્વેષ વધતો જાય. તેમ તેમ ગ્રંથીથી પ્રતિપક્ષી ચીજરૂપ જે સુખ તે કેવું હશે, કયાં રહલું હશે, અને તે મેળવવું હોય તો કઈ રીતે પ્રામ થાય આવું જ્ઞાન મેળવવા માટે વારંવાર વિચારણાઓ પેદા થતી જાય છે. અને તે જાણવા માટે વારંવાર સાધુ પાસે જવાની ઈચ્છા પેદા થતી જાય છે આ રીતે વારંવાર સાધુ પાસે જતાં સાચું સુખ શું છે ? તે જાણવા મળતાં ધર્મ પ્રત્યે વિશેષ આદર અને બહુમાનભાવ પ્રામ થાય. સાચું સુખ, દુ:ખના લેશ વિનાનું (૨) પરિપૂર્ણ (૩) આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોય તે જ કહેવાય છે અને આ સુખ દુનિયાના કોઈપણ પદાર્થમાં નથી એવી જ્યારે આત્મામાં પ્રતિતિ થાય છે ત્યારે સાચું સુખ મેળવવાનો એટલે કે મોક્ષનો અભિલાષ અંતરમાં પેદા થાય છે. આ અભિલાષના અધ્યવસાયમાં રહેલા જીવો શુધ્ધ યથાપ્રવૃત્તકરણમાં દાખલ થયેલા ગણાય છે અને માર્ગાભિમુખ થયેલા ગણાય છે. આ જીવોને ૭ કર્મોની જે નિર્જરા થઈ રહેલી હોય છે તે અસંખ્યગુણ અસંખ્યગુણ અધિક સકામ નિર્જરા થાય છે અર્થાત્ અહીંથી સકામ નિર્જરા શરૂ થાય છે.

મોક્ષનો અભિલાષ જે જીવોને પેદા થયેલો છે તે જીવોનો અધ્યવસાય પ્રણિધાનરૂપ કહેવાય છે. આ કારણથી આ જીવો ઈચ્છાયોગમાં દાખલ થયેલા ગણાય છે. આના પરિણામે અરિહંત પરમાત્મા પ્રત્યે, સાધુ પ્રત્યે અને ધર્મ પ્રત્યે આદર અને બહુમાનભાવ સહજ રીતે વધતો જાય છે. જ્યારે જ્યારે સંસારની પ્રવૃત્તિમાંથી સમય મળે કે તરત જ વિશેષ રીતે ધર્મને જાણવાની જિજ્ઞાસાથી સાધુ પાસે જઈને વારંવાર ધર્મ સાંભળતો જાય છે, એ ધર્મ સાંભળવામાં અંતરાયભૂત થનારા જે કોઈ વિઘ્નો પેદા થાય તે વિઘ્નોને પોતાની શક્તિ પ્રમાણે દૂર કરતો કરતો આ પ્રવૃત્તિને વધારતો જાય છે આના કારણે દુન્યવી અનુકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષબુધ્ધિ વધતી જાય છે તથા મોક્ષનો અભિલાષ તીવ્ર બનતો જાય છે.

આ અધ્યવસાયવાળા જીવોને માર્ગપતિત પરિણામવાળા કહેવાય છે. આ રીતે માર્ગપતિત પરિણામથી વારંવાર પ્રવૃત્તિ કરતાં જેમ જેમ માર્ગને વિશેષ રીતે જાણતો થાય, તેમ તેમ પ્રવૃત્તિ વધારવાની ભાવના પણ પેદા થતી જાય છે. અને પોતાની

શક્તિ મુજબ ભગવાનના માર્ગને અનુસરનારી બુદ્ધિ પ્રાપ્ત કરતાં કરતાં પરિણામની સ્થિરતા મેળવતો જાય છે. આ સ્થિરતા પ્રાપ્ત થતાં પોતાના અંતરમાં સહજ રીતે ભાવ પેદા થાય છે કે જે સુખની મને ઝંખના છે તે સુખ મારા પોતાના અંતરાત્મામાં રહેલું છે તેમાં અંતરાય કરનારા જેટલા કારણો હોય છે તેના પ્રત્યે સહજ રીતે અણગમો - નારાજી વધતી જાય છે એજ કારણે, જો સાવધ નહિ રહું તો મારા આત્માને માટે રખડપટ્ટીનું કારણ થશે.આ પરિણામને સહજ રીતે વધારતાં વધારતાં અભય-અદ્વેષ-અખેદ ગુણની પ્રાપ્તિની શરૂઆત થાય છે.

આ ગુણોની શરૂઆત થતાં સંસારના પરિભ્રમણના નિમિત્તભૂત ૪ સંજ્ઞાઓ પ્રત્યે અંતરમાં તિરસ્કાર ભાવ પેદા થતાં તેનો શક્તિ મુજબ સંયમ થતો જાય છે અને તેના પ્રતાપે વ્રત-નિયમ અને પાંચ મહાવ્રત અંતરમાં વિશેષ રીતે ગમતા થાય છે. જ્યારથી આ ચીજો ગમતી થાય છે ત્યારથી અંતરમાં વિશેષ રીતે પરિણામ પેદા થાય છે કે આ જગતમાં સુંદરમાં સુંદર રીતે પાંચ મહાવ્રતનું અણિશુદ્ધ રીતે પાલન અરિહંત પરમાત્માઓએ કરેલું છે. માટે જીવનમાં તેમની જેટલી વિશેષ ભકિત થાય તેટલી હું કરતો થાઉં કે જેના કારણે તે વ્રતોને પાલન કરવાની મારામાં શક્તિ પેદા થાય. . આ પરિણામની વૃદ્ધિ જેમ જેમ થતી જાય છે તેમ તેમ પોતાનું પાપમય જીવન વિશેષ રીત નફરતવાળું લાગતું જાય છે અર્થાત્ તેના પ્રત્યે તિરસ્કાર પેદા થતો જાય છે. અને નિષ્પાપ જીવન વધુને વધુ ગમતું જાય છે.

આ રીતે પોતાનીશક્તિ પ્રમાણે વારંવાર પ્રવૃત્તિનો વેગ વધારતો વધારતો જેમ જેમ પરિણામની વિશુદ્ધિ કરતો જાય છે.તેમ તેમ ભગવાનના શાસન પ્રત્યે રાગ વધારતો જાય છે આ રાગમાં જ્યારે જ્યારે સ્થિરતા પેદા થતી જાય છે, ત્યારે એનું મન નાચી ઉઠે છે. અને તે આનંદને ટકાવી રાખવા માટે ચિત્તની પ્રસન્નતા ગુણ પ્રાપ્ત કરતો જાય છે અને તેમાં સ્થિરતા કેળવતો જાય છે.

આવા જીવોની પ્રવૃત્તિ તે આત્માને ઠગનારી ગણાતી નથી માટે અવંચક ક્રિયા ગણાય છે.

આ ચિત્તની પ્રસન્નતા અને સ્થિરતાથી સહજમળનો નાશ થાય છે. જેમ જેમ આ સહજમળ ઓછો થતો જાય છે તેમ તમ આત્મિક ગુણના ખજાના તરફની દ્રષ્ટિ વધતી જાય છે. તેના પ્રતાપે અભય આદિ ગુણોને વિષે એકાગ્રતા પ્રાપ્ત થતી જાય છે શ્રી જિનેશ્વર પરમાત્મા તથા તેમના શાસ્ત્રો પ્રત્યે અત્યંત રાગ વધતો જાય છે, આના કારણે તે વચનો સાંભળવામાં પણ એવો પરિણામ કે દેવતાઈ સંગીત કરતાં પણ અધિક સુંદર વસ્તુ મને સાંભળવા મળી રહી છે એવો ભાવ પેદા થતો જાય છે,

આ કારણથી શ્રી જિનેશ્વરાદિની ભકિત કુશળ ચિત્તવાળી ગણાય છે. આ અત્યંત રાગના કારણે તેની મનોદશા જરૂર પડે તો ધર્મમાટે પ્રાણ આપવાની તૈયારી વાળી હોય છે, પણ પ્રાણ માટે કોઈકાળે ધર્મનો ત્યાગ કરતો નથી. આ પરિણામની દ્રઢતા વિશેષરીતે પ્રાપ્ત કરતો કરતો જ્યારે આગળ વધતો જાય છે ત્યારે રાગાદિ પરિણામો ઉપર તેને ભયંકર ગુસ્સો પેદા થાય છે કારણે કે અત્યાર સુધી સંસારમાં રખડપટ્ટી કરવા સાથે મને દુ:ખી કરેલ હોય તો આ રાગાદિ પરિણામોએ જ દુ:ખી કરેલ છે. આ વિચારણા દ્રઢ થતી જાય એટલે સંસારની રાગાદિ પરિણામવાળી પાપમય પ્રવૃત્તિ તપાવેલા લોઢા ઉપર ચાલવા જેવી લાગે છે. એ ક્રિયા ગળિયા બળદની જેમ જલદી પુરી કરીને ધર્મની પ્રવૃત્તિમાં જવાનો અભિલાષ નિરંતર રહ્યા કરે છે. આ પરિણામની ધારા ચાલતી હોય છે ત્યારે ગ્રંથી પ્રત્યે અનંતાનુબંધી અનંતાનુબંધી જેવો પ્રશસ્ત ક્રોધ પ્રાપ્ત થાય છે આ શુધ્ધ યથાપ્રવૃત્તકરણનું છેલ્લું અંતરમુહૂર્ત ગણાય છે.

આ કાળ પૂર્ણ થતાં તીક્ષ્ણ કુઠાર જેવો અધ્યવસાય, અપૂર્વકરણ નામના અધ્યવસાયને પ્રાપ્ત કરે છે આ અધ્યવસાયમાં પ્રવેશ થતાંની સાથે જ રાગાદિ પરિણામની ગ્રંથીના ટૂકડા એટલે કે ભેદ થાય છે.

ગ્રંથીભેદ એટલે અનુકૂળ પદાર્થો પ્રત્યે ગાઢ રાગ જે હતો તેને બદલે અલ્પ થાય છે અને પ્રતિકૂલ પદાર્થો પ્રત્યે જે ગાઢ દ્વેષ હતો તે અલ્પ બને છે. એટલે કે ૪ ઠાણીયા રસનો ૨ ઠાણીયા રસ થાય છે.

આ અધ્યવસાયમાં વર્તમાન જીવ (૧) અપૂર્વ સ્થિતિબંધ (૨) અપૂર્વ સ્થિતિઘાત (૩) અપૂર્વ રસઘાત અને (૪) ગુણશ્રેણી એમ ૪ વસ્તુ નવી પ્રાપ્ત કરે છે.

અપૂર્વ સ્થિતિઘાત : સત્તામાં રહેલી સ્થિતિના અગ્રભાગથી ઉત્કૃષ્ટથી ઘણા સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિ ખંડનો અંતરમુહૂર્તમાં ઘાત કરે છે એટલે જેનો ઘાત થવાનો નથી તે નીચેની સ્થિતિના દલિકોનેવિષે આ દલિકો ભેગા નાંખે છે એટલે કે તેના ભેગા ભોગવાઈ જાય તેવા કરે છે. ફરીથી પાછો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ખંડને ઉપાડે છે. અને અંતરમુહૂર્તમાં ઘાત કરે છે આ પ્રમાણે આ અપૂર્વકરણના કાળમાં હજારોવાર ઘાત કરે છે. આ કારાણે અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિ હતી તેના કરતાં સંખ્યાતમા ભાગની સ્થિતિ ચરમ સમયે કરે છે.

અપૂર્વ રસઘાત : અશુભ પ્રકૃતિઓનો જે રસ સત્તામાં હોય છે તેનો અનંતમો ભાગ રાખી બાકીના સર્વ રસનો, પહેલા સમયે અમુક પ્રમાણ રસને, બીજા સમયે અમુક પ્રમાણ રસને એમ સમયે સમયે કરીને અંતરમુહૂર્તમાં નાશ કરે છે. ફરી પાછો

રહેલ અનંતમા ભાગમાંથી તેનો અનંતમો ભાગ રાખીને બાકીના બધાનો અંતરમુહૂર્તમાં નાશ કરે છે ફરી પાછો તેજ પ્રમાણે ક્રિયા કરે છે. એક સ્થિતિઘાત નાશ થાય તેટલા કાળમાં હજારો રસઘાત થાય છે. આ પ્રમાણે રસનો ઘાત થવાથી ઉત્તરોત્તર અલ્પ રસવાળા દલિકો નીચે ઉતરે છે. જેથી અધ્યવસાયની નિર્મળતા વધતી જાય છે.

ગુણશ્રેણી : જે સ્થિતિનો સ્થિતિઘાત કરે છે તેમાંથી દલિકો ગ્રહણ કરીને ઉદય સમયથી આરંભીને સમયે સમયે અસંખ્યાતગુણા અસંખ્યાતગુણા (ભોગવાય તેમ) ગોઠવે છે. સમયે સમયે અસંખ્યાતગુણા ઉપાડે છે. અને અસંખ્ય-અસંખ્યગુણા ગોઠવે છે. પહેલે સમયે જે દલિકો ઉપાડયા તે આખીશ્રેણીમાં ગોઠવાઈ જાય છે. બીજે સમયે જે અસંખ્યાતગુણા ઉપાડયા તે પણ આખીશ્રેણીમાં ગોઠવાઈ જાય છે પણ પહેલો સમય ભોગવાઈ ગયો જેથી ગોઠવવાનું એક સ્થાન ઘટયું તેમ એક સમયે ભોગવાતો સમય ગોઠવવાના સ્થાનમાં ઘટે જવાનો, કારણ ઉદય સમયે ભોગવાય તેમ ઘટતો જાય. તેમ શ્રેણીના ઉપરના સમય વધતા નથી આ શ્રેણીની રચના અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી પણ થોડો સમય સુધી ઉદય આવે ત્યાં સુધી દલિકો ગોઠવવાની શ્રેણીની રચના થાય છે આ ગુણશ્રેણી અંતરમુહૂર્તના સમય પ્રમાણ સ્થાનકોની હોય છે.

અપૂર્વ સ્થિતિબંધ : એક સરખો સ્થિતિઘાત જેટલા સમય રહે તેટલા કાળને બંધ કાળાધ્ધ બંધકાળ કહે છે. સ્થિતિબંધ અને સ્થિતિઘાત બન્નેનો કાળ એક સરખો છે જેટલા સ્થિતિઘાત થાય છે તેટલા સ્થિતિબંધ કાલાધ્ધા થાય છે. જે પ્રમાણે સ્થિતિનો ઘાત થાય છે તેજ પ્રમાણે સ્થિતિબંધ પણ ઓછો થાય છે. આવા સ્થિતિબંધ કાલાદ્ધા અપૂર્વકરણમાં હજારો થાય છે જેથી અપૂર્વકરણના પ્રથમ સમય કરતાં ચરમ સમયે સંખ્યાતમોભાગ સ્થિતિબંધ થાય છે.

આ અપૂર્વકરણનો કાળ એક અંતરમુહૂર્તનો હોય છે આ કાળ પૂર્ણ થતાં આ જીવ અનિવૃત્તિકરણ નામના અધ્યવસાયને પામે છે.

અનિવૃત્તિકરણ એટલે જે અધ્યવસાય સમકિત પ્રાપ્ત કરાવ્યા વિના પાછો ફરવાનો નહિ તે અનિવૃત્તિકરણ અધ્યવસાય કહેવાય છે.

આ અધ્યવસાયનો કાળ એક અંતરમુહૂર્તનો હોય છે. આ કાળમાં જે પુરૂષાર્થ થાય છે તે બતાવે છે.

મિથ્યાત્વની અંત:કોટીકોટી સાગરોપમ જેટલી સ્થિતિ સત્તામાં જે રહેલી છે તેના ૩ ભાગ કરે છે તેમાં પહેલો ભાગ એક અંતરમુહૂર્ત સ્થિતિ સત્તાવાળો હોય છે કે જે પહેલી સ્થિતિ અનિવૃત્તિકરણ કાળની ગણાય છે. બીજો ભાગ એક

અંતરમુહૂર્તની સ્થિતિ સત્તાવાળો કરે છે જેને બીજી વચલી સ્થિતિ કહેવાય છે. ત્રીજો ભાગ અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ વાળો રાખે છે જેને ત્રીજી સ્થિતિ સત્તારૂપે કહેવાય છે.

પહેલી સ્થિતિના એટલે અનિવૃત્તિકરણના સંખ્યાત ભાગ જેટલો કાળ ભોગવીને પૂર્ણ થયા બાદ વચલી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને ઉદિરણાકરણ દ્વારા તથા અપવર્તનાકરણ દ્વારા પહેલી સ્થિતિમાં એટલે કે અનિવૃત્તિકરણના કાળમાં લાવી લાવીને ઉદય દ્વારા નાશ કરે છે.

વચલી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકો જે પહેલી સ્થિતિમાં આવે એવા ન હોય અર્થાત્ જે દલિકોની ઉદિરણા કે અપવર્તના થઈ શકે તેમ ન હોય તે દલિકોની સ્થિતિ (ઉદ્વર્તનાકરણ દ્વારા) વધારીને ત્રીજી સ્થિતિરૂપ બનાવી બનાવીને ત્રીજી સ્થિતિમાં નાખે છે. આ રીતે અનિવૃત્તિકરણના કાળમાં સમયે સમયે વચલી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલિકોને ખાલી કરવાની પ્રક્રિયા ચાલુ હોય છે આ પ્રક્રિયા અનિવૃત્તિકરણનો બે આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યાં સુધી ચાલે છે.

જ્યારે પહેલી સ્થિતિનો બે આવલિકા કાળ બાકી રહે ત્યારે વચલી સ્થિતિના મિથ્યાત્વના દલિકો ત્રીજી સ્થિતિમાં જવા લાયક રહેતા ન હોવાથી ત્રીજી સ્થિતિમાં એકપણ દલિક નંખાતું નથી અર્થાત્ જતું નથી. આ ક્રિયાને જ્ઞાની ભગવંતોએ આગાલવિચ્છેદ્દ ક્રિયા એમ જણાવેલ છે.

આગાલ :- પહેલી સ્થિતિમાં વિદ્યમાન જીવ વચલી સ્થિતિના દલિકોને ઉદ્વર્તના દ્વારા ત્રીજી સ્થિતિમાં નાખવાની જે ક્રિયા કરે છે તે આગાલ કહેવાય છે.

પહેલી સ્થિતિનો ૧ આવલિકાકાળ જેટલો સમય બાકી રહે ત્યારે વચલી સ્થિતિના મિથ્યાત્વના દલિકો પહેલી સ્થિતિમાં આવતા હતા તે આવતા બંધ થાય છે. કારણ કે હવે વચલી સ્તિતિમાં મિથ્યાત્વનું એકપણ દલિક રહેલું નથી. આ ક્રિયાકાળને જ્ઞાની ભગવંતોએ ઉદિરણા વિચ્છેદકાળ કહ્યો છે.

પહેલી સ્થિતિ ભોગવવાનો એક આવલિકા કાળ બાકી રહેલો છે એટલે અનિવૃત્તિકરણનો એક આવલિકા જેટલો કાળ ભોગવવાનો બાકી રહ્યો છે ત્યારે વચલી સ્થિતિમાં મિથ્યાત્વનું એક પણ દલિક રહેલું હોતું નથી અને ત્રીજી સ્થિતિ મિથ્યાત્વના દલિકની અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિવાળી હોય છે.

અંતઃકરણ :- મિથ્યાત્વના દલિકો વગરની સ્થિતિનો જે કાળ તે અંતઃકરણકાળ કહેવાય છે.

પહેલી સ્થિતિનો એક આવલિકાકાળ ઉદય દ્વારા ભોગવીને પૂર્ણ થતાં બીજી

સ્થિતિમાં એટલે કે અંત:કરણ કાળના પહેલા સમયમાં પ્રવેશ કરે છે. આ અંત:કરણના પહેલા સમયમાં પ્રવેશ થાય તેને ઉપશમ સમકિતની પ્રાપ્તિ કહે છે.

ઉપશમ સમકિતની પ્રાપ્તિ વખતે જીવોને જે અપૂર્વ આનંદ પેદા થાય છે તે આનંદને કેવળીભગવંતો પણ શબ્દરૂપે પ્રગટ કરી શકતા નથી આ સમકિતની પ્રાપ્તિ સમયે કેવા સુખનો અનુભવ થાય છે તે જાણવા કહે છે કે કોઈ મુસાફર ગ્રીષ્મકાળમાં મધ્યાન્હ સમયે નિર્જન વનમાં સૂર્યના કિરણોથી તપેલો, લૂ તાપે કરી અતિ વ્યાકુળ થયેલ હોય તેને કોઈ શીતળ સ્થાન મળે અને ત્યાં બાવના ચંદન રસનો તેના ઉપર છંટકાવ થાય તે વખતે મુસાફરને જે શાતા અને જે આનંદ-મગ્નતા હોય તેવો આનદં પ્રાપ્ત થાય છે.

જીવરૂપ મુસાફર સંસારરૂપી ગ્રીષ્મકાળ-જન્મમરણ રૂપી નિર્જન વન - કષાયરૂપ તાપથી પિડાયેલ રોગ -શોક રૂપ લૂથી ગુંથાયેલ અને તૃષ્ણારૂપ મોટી પિપાસાએ પરાભવ પામેલ એવો જીવ અનિવૃત્તિરૂપ સરળ માર્ગને પામીને અંત:કરણરૂપ શીતળ સ્થાનને પામી, બાવના ચંદનના રસના છંટકાવ રૂપ સમ્યક્ત્વને પામે છે અને તે વખતે અનંતાનુબંધી અને મિથ્યાત્વરૂપી પરિતાપ દૂર થઈ જાય છે અને ગાઢ તૃષ્ણારૂપ પિપાસા શાંત થાય છે.

આ ઉપશમ સમકિતના કાળમાં સત્તામાં રહેલી મિથ્યાત્વની અંત: કોટાકોટી સાગરોપમની સ્થિતિના દલિકોના ત્રણ વિભાગ કરે છે તેને જ્ઞાની ભગવંતોએ ત્રણ પૂંજની સંજ્ઞા આપેલી છે.

(૧) અશુદ્ધ વિભાગ (અશુધ્ધ પૂંજ) : મિથ્યાત્વના જેવા પ્રકારના દલિકો છે તેવાનેતેવા સ્વરૂપે દલિકોનો જે વિભાગ પાડવામાં આવે તે વિભાગને અશુદ્ધ પૂંજ એટલે કે મિથ્યાત્વ મોહનીયના દલિકો કહેવાય છે.

(૨) અર્ધશુદ્ધ પૂંજ : ( મિશ્રમોહનીયના દલિકો) : મિથ્યાત્વ મોહનીયના સત્તામાં રહેલા કેટલાક દલિકોને પરિણામના સ્વભાવથી શુદ્ધપણ નહિં અશુદ્ધ પણ નહિં પણ શુદ્ધાશુદ્ધ રૂપે એટલે કે અર્ધશુદ્ધ રૂપે કરે છે. આ દલિકોના વિભાગને મિશ્ર મોહનીયના દલિકો કહેવાય છે.

(૩) શુદ્ધ પૂંજ (સમ્યક્ત્વ મોહનીયના દલિકો) : મિથ્યાત્વ મોહનીયના સત્તામાં રહેલા કેટલાક દલિકોને શુદ્ધ રૂપે એટલે કે જેના ઉદયકાળમાં જિનેશ્વર પરમાત્માના તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા પેદા કરાવે - ટકાવી રાખે અને ક્રમસર શ્રદ્ધા વધારે એવા બનાવવા તે શુધ્ધ પૂંજના દલિકો કહેવાય છે. આ દલિકો સમ્યક્ત્વમોહનીયના દલિકો તરીકે ઓળખાય છે.

આ ત્રણે વિભાગને કોદરાના દૃષ્ટાંતથી જાણવું કોદરાને એવાને એવા રાખવામાં આવે એટલે તેને ખાંડતા ખાંડતા એવાને એવા જ રહે જરાય ફોતરૂં ઉખડે નહિં તે દલિકો અશુદ્ધ દલિકો ગણાય છે. જે દલિકો ખાંડતા ખાંડતા અડધાં ફોતરાં ઉખડે અને અડધા રહી જાય તે અર્ધશુદ્ધ દલિકો ગણાય છે અને જે કોદરાને ખાંડતા ખાંડતા સંપૂર્ણ ફોતરાં ઉખડી જાય તે શુદ્ધ દલિકો તરીકે ગણાય છે.

આ ઉપશમ સમકિતનો કાળ એક અંતરમુહૂર્તનો હોય છે આ કાળમાં જીવો આયુષ્યનો બંધ કરતા નથી તેમ જ મરણ પામતાં નથી તથા આ સમકિત પામેલા જીવોનો સંસાર ઉત્કૃષ્ટથી અર્ધપુદ્‌ગલ પરાવર્તમાં કાંઈક ન્યૂન અને જઘન્યથી એક અંતરમુહૂર્તનો હોય છે.

આ ઉપશમ સમકિતનો કાળ પૂર્ણ થતાં જે જીવોને અશુદ્ધ પૂંજ એટલે કે મિથ્યાત્વ મોહનીયના દલિકો ઉદયમાં આવવાનાં હોય તો તે જીવોને ઉપશમ સમકિતના કાળનો ૧ સમય અને ઉત્કૃષ્ટથી ઉપશમ સમકિતનો ૬ આવલિકા જેટલો સમય બાકી રહે ત્યારે અવશ્ય અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે.

મિથ્યાત્વ મોહનીયના દલિક વગરના અનંતાનુબંધી કષાયનો ઉદય તે બીજું સાસ્વાદન ગુણસ્થાનક કહેવાય છે. આ ઉદયકાળ ભોગવાઈને પૂર્ણ થતાં જીવને મિથ્યાત્વ મોહનીયનો ઉદય અવશ્ય થાય છે એટલે કે જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકને પામે છે.

જે જીવોને ઉપશમ સમકિતનો કાળ સંપૂર્ણ પૂર્ણ થતાં મિશ્ર મોહનીયના દલિકો ઉદયમાં આવે તે જીવો ત્રીજા મિશ્રગુણસ્થાનકને પામે છે. આ ગુણસ્થાનકથી જીવ ૪ થા ગુણસ્થાનકે જઈ શકે છે તેમજ મિથ્યાત્વનો ઉદય થતાં પહેલા ગુણસ્થાનકે પણ જઈ શકે છે. આ ગુણસ્થાનકનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક અંતરમુહૂર્તનો હોય છે.

જે જીવોને ઉપશમ સમકિતનો કાળ સંપૂર્ણપૂર્ણ થતાં સમ્યક્ત્વ મોહનીયના દલિકોનો ઉદય થાય તે ૪થા ગુણસ્થાનકે રહીને ક્ષયોપશમ સમકિતિજીવ ગણાય છે.

આ ક્ષયોપશમ સમકિતનો કાળ ૬૬ સાગરોપમનો હોય છે અને જઘન્યથી ૧ અંતરમુહૂર્તનો હોય છે.

ક્ષયોપશમ સમકિતનું સ્વરૂપ : આ સમકિતના કાળમાં સમ્યક્ત્વ મોહનીયના દલિકોને ઉદયાવલીકામાં લાવીને ક્ષય કરે છે આ પ્રક્રિયાને સમ્યક્ત્વ મોહનીય કર્મનો રસોદય એટલે કે વિપાકોદય કહેવાય છે. મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના મોટાભાગના દલીકો ઉપશમને પામે છે. તેમાં કેટલાક દલિકો ઉપશમેલા ન હોય

તે દલિકોને સમ્યક્ત્વ મોહનીય રૂપ બનાવીને ઉદયાવલિકામાં લાવીને ભોગવે છે. જે ઉપશમેલા દલિકો હોય છે. તેનો રસોદય કે પ્રદેશોદય હોતો નથી અને જે દલિકો સમ્યક્ત્વ મોહનીય રૂપે થઈને ઉદયમાં આવે છે તે દલિકોને મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો પ્રદેશોદય કહેવાય છે.

આજ પ્રમાણે અનંતાનુબંધી ૪ કષાયના ઘણાખરા દલિકોને ઉપશમાવે છે જે દલિકો ઉપશમ થયેલા હોતા નથી તે દલિકોને અપ્રત્યાખ્યાનીય કષાયરૂપે બનાવીને અપ્રત્યાખ્યાનીય કષાયની ઉદયાવલીકામાં લાવીને ભોગવે છે. આ પ્રક્રિયાને અનંતાનુબંધી ૪ કષાયનો પ્રદેશોદય કહેવાય છે.

આ કારણથી ક્ષયોપશમ સમકિતના કાળમાં ૧ સમ્યક્ત્વ મોહનીયનો રસોદય અને અનંતાનુબંધી-૪ કષાય મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આ ૬ પ્રકૃત્તિઓનો ઉપશમ તથા પ્રદેશોદય ગણાય છે.

**રસોદય** : જે સ્વરૂપે રસને ભોગવવા લાયક દલિકો બનાવેલા હોય તે સ્વરૂપે ઉદયાવલીકામાં લાવીને ભોગવવા તે, તે તે પ્રકૃતિનો રસોદય કહેવાય છે.

**પ્રદેશોદય** : જે જે પ્રકૃત્તિઓનો રસ જે જે સ્વરૂપે બંધાયેલો હોય તે સ્વરૂપે ઉદયાવલીકામાં ન આવતાં પોતાની પ્રતિપક્ષી પ્રકૃતિઓની ઉદયાલલિકામાં તે રૂપે રસનો ફેરફાર કરીને ઉદયમાં લાવીને ભોગવવી તે પ્રદેશોદય કહેવાય છે.

ઉપશમસમકિત તથા ક્ષયોપશમ સમકિતની વિશેષતા :

ઉપશમસમકિતના કાળમાં અનંતાનુબંધી ૪ કષાય, મિથ્યાત્વ મોહનીય (મિશ્ર મોહનીય તથા સમ્યક્ત્વ મોહનીય) આ પાંચ તથા સાત પ્રકૃત્તિઓનો રસોદય તથા પ્રદેશોદય હોતો જ નથી પણ સર્વથા ઉપશમમાં હોય છે જ્યારે ક્ષયોપશમ સમકિતના કાળમાં સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલો રસોદયરૂપે હોય છે. બાકીની અનંતાનુબંધી ૪ કષાય-મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીય આ ૬ પ્રકૃત્તિના દલિકો પ્રદેશોદય રૂપે જ હોય છે આ વિશેષતા જાણવી.

આ ઉપશમ સમકિતની પ્રાપ્તિનો ક્રમ કાર્મગ્રંથિકમતને માનનારા આચાર્યોના અભિપ્રાયથી જાણવો.

સિદ્ધાંતને માનનારા આચાર્યોના મતે નીચે પ્રમાણે જાણવું.

અનાદિમિથ્યાદ્રષ્ટિ જીવો સમ્યક્ત્વ પામવાનો પુરૂષાર્થ કરે તો ગ્રંથીદેશે એટલે કે અનાદિ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરીને ઉપશમ સમકિતની જેમ શુદ્ધ યથાપ્રવૃત્તકરણને પ્રાપ્ત કરી ક્રમસર અધ્યવસાયમાં આગળ વધતો અપૂર્વકરણ નામના અધ્યવસાયને પ્રાપ્ત કરે. આ અધ્યવસાયથી ગ્રંથીભેદ થાય તેમજ સત્તામાં રહેલા મિથ્યાત્વના

દલિકોના ૩ પુંજ કરે છે આ ૩ પુંજ કર્યા પછી અપૂર્વકરણનો ૧ અંતરમુહૂર્તનો કાળ પૂરો કરી અનિવૃત્તિકરણના અધ્યવસાયને પ્રાપ્ત કરે છે. આ અધ્યવસાયના કાળમાં જે ૩ પૂંજ કરેલા છે તેમાંથી સમ્યક્ત્વ મોહનીયનો પૂંજ ઉદયમાં આવે એ રીતનો પ્રયત્ન કરીને ગોઠવણ કરેછે અને જ્યારે અનિવૃત્તિકરણનો કાળ પૂર્ણ થાય ત્યારે જીવ, સમ્યક્ત્વ મોહનીયના પૂંજ ઉદયમાં આવતાં અવશ્ય ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે.

કોઈ જીવ ગ્રંથિભેદ કરતાં ૩ પૂંજ કરવાના સામર્થ્યવાળા ન હોય એટલે કે ૩ પૂંજ કરી ન શકે તો કર્મગ્રંથમતના અભિપ્રાય મુજબ ઉપશમ સમકિતની પ્રાપ્તિ કરે પણ આ ઉપશમ સમકિતના કાળમાં ૩ પૂંજ કરતા જ નથી. તેથી આ જીવોને ઉપશમ સમક્તિના કાળમાં એક મિથ્યાત્વ મોહનીયનો પૂંજ જ સત્તામાં હોય છે. આ કારણથી ઉપશમ સમકિતનો કાળ પૂર્ણ થતાં જ બીજા સાસ્વાદન ગુણસ્થાનકને પ્રાપ્ત કર્યા વિના જ મિથ્યાત્વ મોહનીયના દલિકો ઉદયમાં આવતાં મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

બન્ને આચાર્યોના મતે આ રીતે સમકિતની પ્રાપ્તિ કર્યા બાદ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે જીવ આવે ત્યારે મોહનીય કર્મની ૨૮ પ્રકત્તિઓની સત્તા હોય છે. આ ગુણસ્થાનકે ઘણો કાળ રહીને સમ્યક્ત્વ મોહનીયની પ્રકૃત્તિની ઉદ્વલના કરે ત્યારે ૨૭ની સત્તાવાળો થાય છે અને ત્યારબાદ મિશ્ર મોહનીયની ઉદ્વલના કરે ત્યારે મોહનીય કર્મની ૨૬ ની સત્તાવાળો બને છે.

આ ૨૬ની સત્તાવાળો જીવ જ્યારે ફરીથી સમકિતની પ્રાપ્તિ કરે ત્યારે ગ્રંથી ભેદાઈ ગયેલી હોવાથી ગ્રંથીભેદ કરતો નથી પણ એ અપૂર્વકરણ નામના અધ્યવસાયથી ૩ પૂંજ કરીને ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે.

સિદ્ધાંતના મતે ક્ષયોપશમ સમકિત લઈને જીવો ચારે ગતિમાં જઈ શકે છે તેમજ આવી શકે છે. નારકીમાં જાય તો ૧ થી ૬ નારક સુધી જઈ શકે. મનુષ્યમાં સંખ્યાત વર્ષના આયુષ્યમાં કે અસંખ્યાત વર્ષના આયુષ્યમાં પણ જઈ શકે છે. તિર્યંચમાં સંખ્યાત વર્ષના આયુષ્યમાં કે અસઁખ્યાત વર્ષના આયુષ્યમાં જઈ શકે છે. અને દેવોમાં ચારે નિકાયમાં જઈ શકે છે.

કાર્મગ્રંથિક મતે ક્ષયોપશમ સમકિત લઈને જીવો કેવળ વૈમાનિકમાં જ જઈ શકે છે તે સિવાય નરકગતિ-તિર્યંચગતિ-મનુષ્યગતિ-ભવનપતિ આદિમાં સમકિત વમીને જ જાય છે એટલે કે સમકિત લઈને જઈ શકતો નથી.

ક્ષયોપશમ સમકિતની હાજરીમાં મનુષ્યો તથા તિર્યંચો આયુષ્યનો બંધ કરે તો નિયમા વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે છે.

સિદ્ધાંતના મતે સાતિચાર ક્ષયોપશમ સમકિતિ જીવો આયુષ્યનો બંધ કરે તો ભવનપતિ વગેરે દેવોનું આયુષ્ય બાંધે છે. પણ વૈમાનિક દેવનું આયુષ્ય બાંધતા નથી.

આ ક્ષયોપશમ સમકિતિ જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકને વધારેમાં વધારે ૧૩૨ સાગરોપમકાળ સુધી પ્રાપ્ત કરતા નથી તે આ રીતે

ઉત્કૃષ્ટથી ક્ષયોપશમ સમકિતનો કાળ સાધિક ૬૬ સાગરોપમ હોય છે. એ કાળ પૂર્ણ થતાં વચમાં એક અંતરમુહૂર્ત મિશ્ર ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યાર બાદ ફરીથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે અને સાધિક ૬૬ સાગરોપમ સુધી સમકિતને રાખે આ રીતે ૧૩૨ સાગરોપમ થાય છે. આટલા કાળમાં જીવ પુરૂષાર્થ કરીને જો મોક્ષમાં ન જાય તો અવશ્ય મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે.

સિદ્ધાંતના મતે ક્ષયોપશમ સમકિતનો કાળ સાધિક ૬૬ સાગરોપમનો જ હોય છે. એટલે કે તેટલા કાળમાં કોઈ જીવ મોક્ષે ન જાય તો કાળ પૂર્ણ થતાં અવશ્ય મિથ્યાત્વને પામે છે.

આખા ભવચક્રમાં ક્ષયોપશમ સમકિત અસંખ્યાતીવાર પ્રાપ્ત કરી શકે છે એક ભવમાં હજાર પૃથક્ત્વ (૨૦૦૦ થી ૯૦૦૦) વાર સમકિત આવી શકે છે.

દેવતા તથા નારકીના જીવો પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ એક અંતરમુહૂર્તમાં ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરે છે.

તિર્યંચો દિન પૃથક્ત્વ ( ૨ થી ૯ દિવસ) બાદ ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત કરી શકે છે. આ તિર્યંચો જાતિસ્મરણ જ્ઞાનથી, ધર્મનો ઉપદેશ સાંભળવાથી તથા શ્રી જિનબીંબના દર્શનથી પ્રાપ્ત કરી શકે છે.

મનષ્યો સામાન્યથી આઠ વર્ષે સમકિત પ્રાપ્ત કરી શકે છે. દેવતાઓ જાતિસ્મરણ જ્ઞાનથી - ઉપદેશથી - તિર્થંકરોનો મહિમા જોવાથી તથા ઈંદ્રાદિ દેવોની ઋદ્ધિ જોવાથી સમકિત પામી શકે છે.

નવગ્રૈવેયકના દેવો જાતિસ્મરણ જ્ઞાનથી સમકિતની પ્રાપ્તિ કરી શકે છે. પ્રથમની ૩ નારકના જીવો જાતિસ્મરણજ્ઞાનથી, ઉપદેશથી (પરમાધામી યાદ કરાવે છે અથવા પરસ્પર નારકીના જીવો એક બીજા સારી વાતો કરે તેને ઉપદેશ કહેવાય છે.) તથા વેદનાના અનુભવથી સમકિતની પ્રાપ્તિ કરી શકે છે.

છેલ્લીચાર નારકીના જીવો જાતિસ્મરણજ્ઞાનથી તથા વેદનાના અનુભવથી સમકિતની પ્રાપ્તિ કરી શકે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પારમાર્થિક કારણ તથાભવ્યત્વરૂપ અનાદિ-પારિણામિક ભાવ છે. શ્રી જિનદર્શન - શ્રી જિનપૂજા - ઉપદેશ શ્રવણ ઈત્યાદિ સહકારી કારણો છે.

જ્ઞાન દર્શન અને ચારિત્રમય આત્માનો જે શુદ્ધ પરિણામ ઉપયોગરૂપે હોય તે નૈશ્ચયિક સમકિત કહેવાય અને શુદ્ધ હેતુથી એટલે કે શુદ્ધ પરિણામથી ઉત્પન્ન થયેલું જે સમકિત તે વ્યવહાર સમકિત કહેવાય છે.

**સમક્તિના પ્રકારોનું વર્ણન :**

(૧) ૧ પ્રકારે સમકિત હોય - તત્ત્વરૂચીરૂપે

(૨) ૨ પ્રકારે સમકિત હોય (૧) દ્રવ્યસમક્તિ (૨) ભાવસમકિત

**દ્રવ્યસમકિત** : પરમાર્થને નહિ જાણનારને શ્રી જિનેશ્વરે કહેલા વચન તેજ તત્ત્વ છે તે જ સત્ય છે એવી દઢ શ્રદ્ધાની તત્ત્વરૂચિ તે દ્રવ્ય સમકિત કહેવાય છે.

**ભાવસમકિત** : જીવાદિ સર્વ તત્ત્વોને સર્વનય-ગમ-ભાંગા-નિક્ષેપા-પ્રમુખ સ્યાદ્વાદ શૈલીથી રહસ્યને જાણવાપૂર્વક સદ્દહે તે ભાવ સમકિત કહેવાય. આ સમકિત ગીતાર્થને હોય અથવા ગીતાર્થની નિશ્રાએ હોય.

બીજી રીતે બે પ્રકાર (૧) વ્યવહાર સમકિત (૨) નિશ્ચય સમકિત

(૧) **વ્યવહાર સમકિત** : શુદ્ધ પરિણામના હેતુથી ઉત્પન્ન થયેલું અથવા જથા ગુણસ્થાનકે સમકિતના ૬૭ બોલમાંથી કોઈ પણ પ્રકારના બોલનો વ્યવહાર તેમાંથી યોગ્યતા અનુસાર આચરણ કરવું તે વ્યવહાર સમકિત કહેવાય.

(૨) **નિશ્ચય સમકિત** : જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ-શ્રદ્ધા ભાષણ અને રમણતાપૂર્વક આત્મા જે શુદ્ધ પરિણામના ઉપયોગવાળો હોય તેજ નિશ્ચય સમકિત કહેવાય. આ સમકિત ૭મા ગુણસ્થાનકે જ હોય.

ત્રીજી રીતે બે પ્રકાર : (૧) નિસર્ગરૂચિ (૨) ઉપદેશરૂચિ

(૧) **નિસર્ગરૂચિ** : કોઈના ઉપદેશ વિના સહજસ્વભાવે બાહ્ય કોઈ નિમિત્ત પામીને સમકિતની પ્રાપ્તિ થાય તે નિસર્ગરૂચિ સમકિત કહેવાય.

(૨) **ઉપેદશરૂચિ** : કોઈ ગુરૂ આદિના ઉપદેશથી શ્રદ્ધા-તત્વરૂચિ જન્મે તે ઉપદેશરૂચિ સમકિત કહેવાય છે.

ચોથી રીતે બે પ્રકાર : (૧) પૌદ્ગલિક સમકિત (૨) અપૌદ્ગલિક સમકિત

(૧) **પૌદ્‌ગલિકસમકિત** : જીવ જ્યારે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે ત્યારે તે પૌદ્‌ગલિક સમકિત કહેવાય છે.

(૨) **અપૌદ્‌ગલિકસમકિત** : જીવ જ્યારે ઉપશમસમકિત અથવા ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે તે અપૌદ્‌ગલિક સમકિતની પ્રાપ્તિ કહેવાય છે.

ગુણથી સમકિતના ત્રણ પ્રકાર : (૧) દિપક સમકિત (૨) રોચક સમકિત (૩) કારક સમકિત

(૧) **દિપક સમકિત** : પોતાને સમકિતનો ગુણ ન હોય પણ બીજાને ઉપદેશથી સમકિતની પ્રાપ્તિ કરાવે તે દિપક સમકિત કહેવાય છે.

(૨) **રોચકસમકિત** : દૃઢ પ્રતિતિ એટલે કે શ્રી જિનેશ્વર ભગવંતના તત્ત્વો પ્રત્યે મજબૂત શ્રદ્ધાવાળો કે આચારો ઉપરની રૂચિવાળો તે રોચક સમકિત કહેવાય છે.

**કારકસમકિત** : જે સંયમ અને તપને ઉત્પન્ન કરે અથવા શ્રી જિનેશ્વરે કહેલા આચારને શકિત મુજબ અંગીકાર કરે તે કારક સમકિત કહેવાય છે.

સમકિતના ૪ પ્રકાર :

(૧) ઉપશમ (૨) ક્ષયોપશમ (૩) વેદક (૪) ક્ષાયિક

(૧) **વેદક સમકિત** : ક્ષાયિક સમકિત પામનારા જીવો ક્ષયોપશમ સમકિતનો છેલ્લો સમય એટલે કે ક્ષાયિક સમકિત પામવા પૂર્વનો પહેલો સમય સમ્યક્ત્વ મોહનીય કર્મના દલિકોને વેદી રહેલો છે માટે વેદક સમકિત કહેવાય છે.

સમકિતના પાચં પ્રકાર :

(૧) ઉપશમ (૨) ક્ષયોપશમ (૩) વેદક (૪) ક્ષાયિક (૫) સાસ્વાદન

સમકિતના ૧૦ પ્રકાર :

૧૦ પ્રકારની રૂચિવાળા જીવોને આશ્રયીને ૧૦ ભેદ થાય છે.

(૧) **નૈસર્ગિકરૂચિ** : જાતિ સ્મરણાદિ કારણે ઉપદેશાદિ શ્રવણ થયા વિના તત્ત્વ રૂચિ પેદા થાય તે નૈસર્ગિકરૂચિ સમકિત કહેવાય છે.

(૨) **ઉપદેશ રૂચિ** : ઉપદેશ દ્વારા તત્ત્વની રૂચિ પેદા થાય તે ઉપેદશ રૂચિ સમકિત કહેવાય છે

(૩) **આજ્ઞારૂચિ** : શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન શકિત મુજબ કરતાં તત્ત્વ પ્રત્યે જે રૂચિ થાય તે આજ્ઞારૂચિ સમકિત કહેવાય છે.

(૪) **સૂત્રરૂચિ** : સૂત્ર ભણતાં ભણતાં શ્રી જિનેશ્વર ભગવંતના તત્ત્વ પ્રત્યે રૂચિ પેદા થાય તે સૂત્રરૂચિ સમકિત કહેવાય છે.

(૫) **બીજ રૂચિ :** બીજ રૂપે રહેલા એટલે કે થોડા સૂત્ર કે અર્થનો અભ્યાસ કરતાં સંપૂર્ણ સૂત્ર પ્રાપ્ત થાય અને તેનાથી તત્ત્વ પ્રત્યે જે રૂચિ થાય તે બીજરૂચિ સમકિત કહેવાય છે.

(૬) **અભિગમરૂચિ :** અંગ - ઉપાંગ આદિના અર્થને જાણે અને જાણવાની જિજ્ઞાસા રાખે તે અભિગમરૂચિ સમકિત કહેવાય છે.

(૭) **વિસ્તારરૂચિ :** તત્ત્વાદિને નયનિક્ષેપાદિ સ્યાદ્વાદ શૈલીએ સપ્તભંગી પ્રરૂપણાએ જાણે તે વિસ્તારરૂચિ સમકિત કહેવાય.

(૮) **ક્રિયારૂચિ :** ધર્મની પ્રવૃત્તિ કરતાં કરતાં શ્રી જિનેશ્વર ભગવંતના તત્ત્વો પ્રત્યે રૂચિ પેદા થાય તે ક્રિયારૂચિ સમકિત કહેવાય.

(૯) **સંક્ષેપરૂચિ :** સરળ સ્વભાવે અનભિગ્રહી એટલે કે આગ્રહ વગરનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમભાવ વિશેષ ન હોવાથી નિપુણપણું ન હોય છતાં થોડામાં ઘણું સમજે અને સમજીને વિચારે તે સંક્ષેપરૂચિ સમકિત કહેવાય.

(૧૦) **ધર્મરૂચિ :** પંચાસ્તિકાયનું સ્વરૂપ જાણે, શ્રુતજ્ઞાનથી ચારિત્રધર્મ ને જાણે, બાહ્ય અભ્યંતરભાવે શ્રી જિનેશ્વરોએ કહેલા તત્ત્વોને વિષે હેય ઉપાદેય યથાયોગ્ય સદ્દહે. સ્વભાવ અને પરભાવના સ્વરૂપને જાણે તે ધર્મરૂચિ સમકિત કહેવાય છે.

ક્ષયોપશમ સમકિતથી પડીને પહેલા ગુણ્થાનકે આવેલો જીવ કાર્મગ્રંથીક મતના અભિપ્રાયે એકવાર ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરી શકે છે. જ્યારે સિદ્ધાંતના મતે પહેલે ગુણસ્થાનકે આવેલો જીવ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે નહિં પણ ઉત્કૃષ્ટ રસ બંધ કરે છે એમ માને છે.

**સમકિત વગેરે પ્રાપ્તિનું અંતરકાળ વર્ણન :**

જગતમાં રહેલા જીવો જઘન્યથી એક સમયમાં, મતાંતરે ૩ સમયબાદ તથા ઉત્કૃષ્ટથી ૭ દિવસે સમકિતની પ્રાપ્તિ કરી શકે છે.

દેશવિરતિની પ્રાપ્તિ જઘન્યથી ૧ સમય અથવા ૩ સમયે અને ઉત્કૃષ્ટથી ૧૫ દિવસે પ્રાપ્ત કરી શકે છે.

સર્વવિરતીની પ્રાપ્તિ જઘન્યથી ૧ સમય અથવા ૩ સમયે અને ઉત્કૃષ્ટથી ૧ માસે પ્રાપ્ત કરી શકે છે.

એજ રીતે સિદ્ધિગતિ એટલે કે મોક્ષ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ માસે પ્રાપ્ત કરી શકે છે.

ક્ષયોપશમ સમકિત ૪ થી ૭ ગુણસ્થાનકે હોય છે. ૪થું અવિરતિ સમ્યક્દષ્ટિ ગુણસ્થાનકનો કાળ સાધિક ૩૩ સાગરોપમનો હોય છે.

**પ્રશ્ન** : ક્ષયોપશમ સમકિતનો ૬૬ સાગરોપમકાળ અને અવિરત સમ્યક્દષ્ટિ ગુણસ્થાનકનો ૩૩ સાગરોપમનો કાળ શી રીતે સમજાય ?

જવાબ : કોઈ ક્ષયોપશમ સમકિતી જીવ પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય ૪થા ગુણસ્થાનકે રહીને અથવા ૫-૬ કે ૭ મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધીને અનુત્તરમાં જાય ત્યાંથી સમકિત સાથે મનુષ્ય ભવમાં આવે. આઠ વર્ષ બાદ ૫-૬ કે ૭મા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરે તો ક્ષયોપશમ સમકિત ટકે નહિતર અવિરતિ સમ્યક્દષ્ટિ ગુણસ્થાનકનો સાધિક ૩૩ સાગરોપમ કાળ પૂર્ણ થયે મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે છે. આ કારણથી ક્ષયોપશમ સમકિત ૫-૬ કે ૭ મે રાખી ફરીથી સાધિક ૩૩ સાગરોપમ ૪થે ગુણસ્થાનકે રહે તો ક્ષયોપશમ સમકિતનો ૬૬ સાગરોપમનો કાળ ઘટી શકે છે.

**ક્ષાયિક સમકિતનું સ્વરૂપ :**

(૧) ક્ષયોપશમ સમકિતી જીવ અધ્યવસાયની નિર્મળતા કરતો કરતો આગળ વધતો જાય તેજ ક્ષાયિક સમકિત પામવા માટેનો પુરૂષાર્થ કરી શકે છે.

(૨) તીર્થંકર કે કેવળીના કાળમાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થાય.

(૩) ક્ષાયિક સમકિત પામવાની શરૂઆત મનુષ્ય ભવમાં જ થાય તથા પૂર્ણતા પણ મનુષ્ય ભવમાં કરી શકે.

(૪) ક્ષાયિક સમકિતનો પ્રારંભ મનુષ્ય ભવમાં જ કર્યા બાદ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં જઈ શકે છે તે ગતિમાં ગયા બાદ સમકિત મોહનીયના દલિકોને ઉદયમાં ભોગવીને સંપૂર્ણ ક્ષય કરે ત્યારે ત્યાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિની પૂર્ણતા (નિષ્ઠાપક) કરી શકે છે.

(૫) ક્ષાયિક સમકિત પામવા માટે ૮ વર્ષ ઉપરની ઉંમર અવશ્ય જોઈએ.

(૬) ક્ષાયિક સમકિત પામવા માટે નિયમા પહેલું સંઘયણ જોઈએ.

આ કારણો ભેગા થાય ત્યારે દર્શનમોહનીય કર્મ નિકાચિત રહેલું ન હોય તો ક્ષાયિક સમકિત પામવા માટે પુરૂષાર્થ જીવ કરી શકે છે. તેમાં પણ પરભવનું મનુષ્યાયુષ્ય કે તિર્યંચઆયુષ્ય સંખ્યાત્ વર્ષનું બાંધેલું ન હોવું જોઈએ. - જો અસંખ્યાત વર્ષનું મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધેલું હોય તો ક્ષાયિક સમકિત પામવા માટે પુરૂષાર્થ કરી શકે છે તથા નારકીનું ૧ થી ૩ નરકનું તેમાં ૩ જી નારકીનું જઘન્ય આયુષ્ય + પલ્યોપમના

અસંખ્યાતમા ભાગ જેટલું અધિક બાંધ્યું હોય તો અને દેવનું વૈમાનિકનું આયુષ્ય બાંધ્યું હોય તો ક્ષાયિક સમકિત પામવા માટેનો પુરૂષાર્થ કરી શકે છે.

આ ક્ષયોપશમ સમકિતી જીવ સૌ પ્રથમ અનંતાનુબંધી ૪ કષાયના દલિકોને નાશ કરવાનો પ્રયત્ન કરે છે તે આ પ્રમાણે :

આ પ્રયત્ન જીવ ૪ થી ૭ ગુણસ્થાનકમાં રહીને કરે છે. તેમાં પહેલું યથાપ્રવૃત્તકરણ કરે, બીજું અપૂર્વકરણ કરે, અને ત્રીજું અનિવૃત્તિકરણ કરે છે. આ કરણોનું વર્ણન સમકિતની પ્રાપ્તિની જેમ જાણવું. બીજા અને ત્રીજા કરણમાં ઉદ્વલનાના વિધ્યયુક્ત ગુણસંક્રમ વડે ૧ ઉદયાવલિકા સિવાયનું સઘળું દલિક સર્વથા નાશ કરે છે. ઉદયાવલિકાને કોઈકરણ લાગતું નથી જેથી સ્તિબુકસંક્રમ વડે સજાતિય વિદ્યમાન પ્રકૃત્તિમાં સંક્રમાવિને તે દલિકોને દૂર કરે છે ત્યારબાદ અંતરમુહૂર્ત પછી અનિવૃત્તિકરણના અંતે શેષ કર્મોમાં પણ સ્થિતિઘાત-રસઘાત - ગુણશ્રેણી થતાં નથી કારણ કે અનંતાનુબંધી ૪ કષાયનો સંપૂર્ણ નાશ થતાં મોહનીય કર્મની ૨૪ પ્રકૃતિની સત્તાવાળો જીવ બને છે અને તે ૨૪ ની સત્તામાં સ્વભાવસ્થ રહે છે. ત્યારબાદ મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય કરવા માટે પુરૂષાર્થ કરતો અનંતાનુબંધીની જેમ સંપૂર્ણ ક્ષય કરે છે. જ્યારે તેનો ક્ષય થાય ત્યારે જીવ મોહનીય કર્મની ૨૩ની સત્તાવાળો બને છે. ત્યારબાદ મિશ્ર મોહનીય કર્મના દલિકોનો ક્ષય કરવાનો પ્રયત્ન કરતાં સંપૂર્ણનાશ કરે ત્યારે જીવ મોહનીય કર્મની ૨૨ પ્રકૃતિની સત્તાવાળો થાય છે. આ ૨૨ ની સત્તાવાળો જીવ સમ્યક્ત્વ મોહનીયના દલિકોને ઉદયાવલિકામાં લાવીને ભોગવીને ક્ષય કરે છે. તેમાં ઘણાખરાં દલિકો ક્ષય થયા બાદ થોડાક દલિકો ક્ષય કરવાના બાકી રહે ત્યારે કોઈક જીવનું આ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં મરીને ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં મોહનીય કર્મની ૨૨ની સત્તા લઈને જાય છે. અને ત્યાં સમકિત મોહનીયના જે દલિકો ક્ષય કરવાના બાકી છે તેને ઉદયાવલિકામાં લાવીને સંપૂર્ણ ક્ષય કરી ચારે ગતિમાં નિષ્ઠાપકરૂપે ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે ત્યારે મોહનીય કર્મની ૨૧ની સત્તાવાળો થાય છે.

જે જીવોને આ ભવનું આયુષ્ય પૂર્ણ થતું નથી એટલે કે ભોગવાતાં મનુષ્યભવનું, મોહનીય કર્મની ૨૨ પ્રકૃત્તિની સત્તા વખતે આયુષ્ય પૂર્ણ ન થાય એવા જીવો સમકિત મોહનીયના પુદ્ગલોને ઉદયાવલીકામાં લાવી લાવીને ભોગવીને સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારે મોહનીય કર્મની ૨૧ની સત્તાવાળો થાય છે. એટલે ક્ષાયિકસમકિતની પ્રાપ્તિ થાય છે.

આ ક્ષાયિકસમકિત પ્રાપ્ત કર્યા બાદ જો પરભવનું આયુષ્ય બંધાયેલું હોય તથા જિનનામકર્મની નિકાચના કરેલી હોય, આવા જીવો ચારિત્રમોહનીય કર્મને ખપાવવા માટે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી શકતા નથી. જે જીવોને આ બંન્ને કારણમાંથી કોઈ કારણ ન હોય તે અવશ્ય ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃત્તિઓને ખપાવવા માટે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરે છે.

(૧) જે જીવો અનંતાનુબંધી ૪ કષાયનો ક્ષય કરીને અટકી જાય એટલે કે મોહનીયની ૨૪ની સત્તાવાળો બને તેને ખંડખંડ ક્ષપકશ્રેણીવાળા જીવો કહેવાય છે.

(૨) જે જીવો દર્શનસપ્તકનો ક્ષય કરીને ક્ષાયિકસમકિત પ્રાપ્ત કરીને અટકી જાય તે જીવોને ખંડ ક્ષપકશ્રેણીવાળા જીવો કહેવાય છે.

(૩) જે જીવો સંપૂર્ણ મોહનીયકર્મને ક્ષય કરવા માટે ક્ષ પકશ્રેણી પ્રાપ્ત કરે અને કેવળજ્ઞાન પામે તે જીવોની ક્ષપકશ્રેણી અખંડ કહેવાય છે.

ક્ષાયિક સમકિતી જીવોના વધારેમાં વધારે ત્રણ અથવા ચાર ભવ હોય છે. મતાંતરે પાંચભવ પણ કહેલા છે.

ક્ષાયિક સમકિતીના ૩ ભવ આ રીતે જાણવા :

(૧) ક્ષાયિકસમકિતની પ્રાપ્તિ કરે તે

(૨) દેવતા અથવા નરકમાં જાય તે

(૩) ત્યાંથી મનુષ્યપણામાં આવીને અવશ્ય મોક્ષે જ જાય તે ત્રીજો ભવ

ક્ષાયિક સમકિતીના ૪ ભવ :

(૧) જે ભવમાં ક્ષાયિકસમકિતની પ્રાપ્તિ કરે તે.

(૨) અસંખ્યાતા વર્ષોના આયુષ્યવાળા મનુષ્ય કે તિર્યંચનો તે બીજો ભવ.

(૩) ત્યાંથી મરીને નિયમા દેવ થાય.

(૪) ત્યાંથી મનુષ્યમાં આવીને મોક્ષે જાય તે ૪થો ભવ.

નામ - ૩૭ = પિંડપ્રકૃતિ ૧૯ - પ્રત્યેક ૫ - ત્રસ ૧૦ - સ્થાવર ૩.

બારમા ગુણસ્થાનકના અંતે ૧૪ પ્રકૃતિનો અંત થાય છે. એક પ્રકૃતિ દાખલ થાય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-અંતરાય
૫ ૪ ૫ = ૧૪ નો અંત થાય છે.

નામ - ૧ = જિનનામ દાખલ થાય છે.

તેરમે ગુણસ્થાનકે ૩૯ ઉદીરણામાં હોય છે.

નામ ૩૮ - ગોત્ર ૧ =૩૯

નામ - ૩૮ = પિંડપ્રકૃતિ ૧૯ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૩.

તેરમાના અંતે ૩૯ પ્રકૃતિઓનો અંત થતાં ચૌદમા ગુણસ્થાનકે ઉદીરણામાં એક પણ પ્રકૃતિન હોવાથી જીવ અણુદીરગ કહેવાય છે.

ઉદીરણા વર્ણન સમામ.

## સત્તા પ્રકૃતિઓનું વર્ણન

સત્તાની વ્યાખ્યા :- બંધાયેલા કર્મો આત્માની સાથે કેટલા કાળ સુધી રહેશે એટલે કે આત્માની સાથે કર્મ જે રહેલા છે. તે સત્તા કહેવાય છે.

સત્તામાં ૧૪૮ પ્રકૃતિઓ હોય છે.

સત્તા પ્રકૃતિઓનાં નિયમો

૧. જ્ઞાનાવરણીય ૫ - દર્શનાવરણીય ૪ - અંતરાય ૫ આ ૧૪ પ્રકૃતિઓ ૧ થી ૧૨ મા ગુણસ્થાનકના અંત સુધી સત્તામાં હોય છે.

૨. નિદ્રા અને પ્રચલા આ બે પ્રકૃતિ ૧ થી ૧૨ માગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૩. નિદ્રા નિદ્રા- પ્રચલા પ્રચલા- થીણધ્ધી આ ત્રણ પ્રકૃતિ ક્ષપક જીવ આશ્રયી ૧ થી ૯ મા ગુણાસ્થાનકના પહેલા ભાગ સુધી અને ઉપશમ જીવ આશ્રયી ૧ થી ૧૧મા ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૪. શાતા વેદનીય - ૧ થી ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી સત્તામાં હોય છે.

૫. અશાતા વેદનીય - ૧ થી ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી સત્તામાં હોય છે.

૬. બે વેદનીયની સત્તા ૧ થી ચૌદમાગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

૭. ઉચ્ચગોત્ર ૧ થી ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી સત્તામાં હોય છે.

૮. નીચગોત્ર ૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૯. નરકાયુષ્ય ૧ થી ૭ ગુણસ્થાનક સુધી અથવા ઉપશમ શ્રેણી આશ્રયી સંભવ સત્તા અપેક્ષાએ ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય છે.

૧૦. તિર્યંચાયુષ્ય = ૧ થી ૭ ગુણસ્થાનક સુધી તથા ઉપશમ શ્રેણી આશ્રયી સંભવ સત્તા અપેક્ષાએ ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૧. મનુષ્યાયુષ્ય ૧ થી ૧૪મા ગુણસ્થાનકના અંત સમય સુધી સત્તામાં હોય છે.

૧૨. દેવાયુષ્ય - ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૩. મિથ્યાત્વ - ૧ થી ૭ ગુણસ્થાનક અથવા ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૪. મિશ્રમોહનીય ૧ થી ૭ અથવા ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૫. સમ્યક્ત્વ મોહનીય ૧ થી ૭ ગુણસ્થાનક અથવા ઉપશમ શ્રેણી આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૬. અનંતાનુબંધિ ૪ કષાય - ૧ થી ૭ ગુણસ્થાનક અથવા ઉપશમ શ્રેણી આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૭. અપ્રત્યાખ્યાનીય ૪ કષાય - ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનકના બીજા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૮. પ્રત્યાખ્યાનીય ૪ કષાય - ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનકના બીજા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૧૯. હાસ્યાદિ - ૬ - ક્ષપક આક્ષયી ૧ થી ૯ મા ગુણસ્થાનકના પાંચમા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૦. પુરૂષવેદ-ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનકના છઠ્ઠાભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૧. સ્ત્રીવેદ - ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનક ના ચોથા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૨. નપુંસકવેદ - ક્ષપક આશ્રયી ૧ થી નવમાના ત્રીજાભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૩. સંજ્વલન ક્રોધ-ક્ષપક આશ્રયી ૧ થી નવમાના સાતમા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણાસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૪. સંજ્વલનમાન-ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનકના આઠમાભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૫. સંજ્વલન માયા-ક્ષપક આશ્રયી ૧ થી નવમા ગુણસ્થાનકના નવમાભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૬. સંજ્વલન લોભ-ક્ષપક આશ્રયી ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૭. નરકગતિ - તિર્યંચગતિ - એકેન્દ્રિયાદિ ૪ જાતિ - નરકાનુપૂર્વી- તિર્યંચાનુપૂર્વી- આ આઠ ક્ષપક આશ્રયી ૧ થી નવમાના પહેલા ભાગ સુધી અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૨૮. દેવગતિ - ૫ શરીર - ૩ અંગોપાંગ - ૫ બંધન - ૫ સંઘાતન- ૬ સંઘયણ - ૬ સંસ્થાન - ૫ વર્ણ - ૨ ગંધ - ૫રસ - ૮ સ્પર્શ - દેવાનુપૂર્વી - ૨ વિહાયોગતિ અથવા મનુષ્યાનુપૂર્વી સાથે ૫૫ પ્રકૃતિઓ ૧ થી ચોદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૨૯. મનુષ્યાનુપૂર્વી ૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી અથવા અંત સમય સુધી સત્તામાં હોય છે.

૩૦. મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-આ બે ૧ થી ૧૪માના અંત સમય સુધી સત્તામાં હોય છે.

૩૧. આતપ - ઉધોત આ બે ૧ થી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ક્ષપક આશ્રયીને સત્તામાં હોય છે. અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૩૨. પરાઘાત - ઉચ્છ્વાસ - અગુરૂલઘુ - નિર્માણ - ઉપઘાત આ પાંચ ૧ થી ૧૪મા ગુણાસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૩૩. જિનનામ પહેલા - અને ૪ થી ૧૪ મા ગુણસ્થાનકના અંત સમય સુધી સતામાં હોય છે.

૩૪. પ્રત્યેક - સ્થિર - શુભ - અને સુસ્વર આ ચાર પ્રકૃતિઓ ૧ થી ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૩૫. ત્રસ - બાદર - પર્યાપ્ત - સુભગ - આદેય અને યશ આ છપ્રકૃતિ ૧ થી ૧૪ મા ગુણસ્થાનકના અંત સમય સુધી સત્તામાં હોય છે.

૩૬. સ્થાવર - સૂક્ષ્મ - સાધારણ આ ત્રણ ૧ થી નવમા ગુણસ્થાનક ના પહેલા ભાગ સુધી ક્ષપક જીવોને આશ્રયીને હોય છે. અને ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે.

૩૭. અપર્યાપ્ત-અસ્થિર-અશુભ-દુર્ભગ-દુસ્વર-અનાદેય-અયશ આ ૭ પ્રકૃતિઓ ૧ થી ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં હોય છે.

૧. બીજા અને ત્રીજા ગુણસ્થાનક સિવાય એકથી અગ્યાર ગુણસ્થાનકમાં ૧૪૮ ની સત્તા હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ =૧૪૮ |

નામ - ૯૩ પિંડપ્રકૃતિ ૬૫ - પ્રત્યેક ૮ - ત્રસ ૧૦ - સ્થાવર ૧૦

પિંડપ્રકૃતિ ૬૫ = ૪ ગતિ - ૫જાતિ - ૫ શરીર - ૩ અંગોપાંગ - ૫ બંધન - ૫ સંઘાતન - ૬ સંઘયણ - ૬ સંસ્થાન - ૫ વર્ણ - ૨ ગંધ - ૫ રસ - ૮ - સ્પર્શ - ૪ આનુપૂર્વી -૨ વિહાયોગતિ.

૨. જે જીવોએ દેવાયુષ્ય બાંધેલ હોય અને અનંતાનુબંધિ ૪ કષાયનો ક્ષય કરેલ હોય તેવા જીવોને બે આયુષ્ય અને ચાર કષાય એ છ સિવાય ૧૪૨ ની સત્તા ૮ થી ૧૧ ગુણસ્થાનકમાં રહેલાને પણ હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય. |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૯૩ | ૨ | ૫ = ૧૪૨ |

મોહનીય - ૨૪ = અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય - હાસ્યાદિ ૬ - ૩ વેદ - ૩ દર્શન મોહનીય.

આયુષ્ય ૨ = મનુષ્યાયુષ્ય-દેવાયુષ્ય.

નામ ૯૩ = પિંડપ્રકૃતિ ૬૫ - પ્રત્યેક ૮ - ત્રસ ૧૦ - સ્થાવર ૧૦.

૩. ચારથી સાત ગુણસ્થાનકને વિષે ચરમશરીરી ક્ષપક જીવોને આશ્રયીને પરભવના આયુષ્યનો બંધ કરવાનો ન હોવાથી ત્રણ આયુષ્ય સિવાય ૧૪૫ પ્રકૃતિ ની સત્તા હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૯૩ | ૨ | ૫ =૧૪૫ |

૪. ચોથાથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ચરમ શરીરી ક્ષપકશ્રેણી

વાળા ક્ષાયિક સમકિતી જીવને આશ્રયીને ત્રણ આયુષ્ય - અનંતાનુબંધિ ૪ કષાય - ૩ દર્શન મોહનીય સિવાય ૧૩૮ પ્રકૃતિની સત્તા હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય. |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ = ૧૩૮ |

મોહનીય ૨૧ = અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય - હાસ્યાદિ ૬ - ૩ વેદ.

આયુષ્ય ૧ - મનુષ્યાયુષ્ય.

નવમાના પહેલા ભાગના અંતે ૧૬ પ્રકૃતિનો અંત થાય છે.

દર્શનાવરણીય ૩ - નામ ૧૩ = ૧૬

દર્શનાવરણીય - ૩ = થીણધ્ધીત્રિક.

નામ - ૧૩ = પિંડપ્રકૃતિ ૮ - પ્રત્યેક ૨ - સ્થાવર ૩ = ૧૩.

પિંડપ્રકૃતિ = નરકદ્વિક - તિર્યંચદ્વિક - એકેન્દ્રિઆદિ ૪ જાતિ.

પ્રત્યેક - ૨ = આતપ-ઉદ્યોત.

સ્થાવર - ૩ = સ્થાવર - સૂક્ષ્મ - સાધારણ.

નવમાના બીજા ભાગે ૧૨૨ પ્રકૃતિ સત્તામાં હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય. |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦ | ૨ | ૫ =૧૨૨ |

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

પિંડપ્રકૃતિ - ૫૭ = મનુષ્યગતિ - દેવગતિ - પંચેન્દ્રિય જાતિ - ૫ શરીર - ૩ અંગોપાંગ - ૬ સંઘયણ - ૬ સંસ્થાન - વર્ણાદિ - ૨૦ - મનુષ્યાનુપૂર્વી-દેવાનુપૂર્વી - ૨ વિહાયોગતિ - ૫ બંધન - ૫ સંઘાતન.

પ્રત્યેક - ૬ = પરાઘાત - ઉચ્છ્વાસ - અગુરૂલઘુ - જિનનામ - નિર્માણ - ઉપઘાત.

સ્થાવર - ૭ = અપર્યાપ્ત - અસ્થિરાદિ - ૬.

નવમા ગુણસ્થાનકના બીજા ભાગના અંતે ૮ પ્રકૃતિનો અંત થાય છે.

મોહનીય - ૮ = અપ્રત્યાખ્યાનાદિ ૮ કષાય.

નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગે ૧૧૪ સત્તામાં હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ =૧૧૪ |

મોહનીય - ૧૩ = સંજ્વલન ૪ કષાય - હાસ્યાદિ ૬ - ૩ વેદ.

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગના અંતે ૧નો અંત થાય છે. મોહનીય. ૧ = નપુંસકવેદ.

નવમા ગુણસ્થાનકના ચોથા ભાગે ૧૧૩ પ્રકૃતિ સત્તામાં હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ =૧૧૩ |

મોહનીય - ૧૨ = સંજ્વલન ૪ કષાય - હાસ્યાદિ ૬ - પુરૂષવેદ - સ્રીવેદ.

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના ચોથા ભાગના અંતે ૧ નોઅંત થાય છે.

મોહનીય - ૧ = સ્રીવેદ.

નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગે ૧૧૨ સત્તામાં હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ = ૧૧૨ |

મોહનીય - ૧૧ = સંજ્વલન ૪ કષાય - હાસ્યાદિ ૬ - પુરૂષવેદ.

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગના અંતે ૬ નો અંત થાય છે.

મોહનીય - ૬ = હાસ્યાદિ - ૬.

નવમા ગુણસ્થાનકના છઠ્ઠાભાગે ૧૦૬ પ્રકૃતિની સત્તા હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ = ૧૦૬ |

મોહનીય - ૫ = સંજ્વલન ૪ કષાય-પુરૂષવેદ.

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના છઠ્ઠાભાગના અંતે ૧ પ્રકૃતિનો અંત થાય છે.

મોહનીય ૧ = પુરૂષવેદ.

નવમા ગુણસ્થાનકના સાતમા ભાગે ૧૦૫ પ્રકૃતિ સત્તામાં હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ = ૧૦૫ |

મોહનીય ૪ = સંજ્વલન ૪ કષાય.

નામ ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના સાતમા ભાગના અંતે ૧ પ્રકૃતિનો અંત થાય છે.

મોહનીય - ૧ = સંજ્વલન ક્રોધ.

નવમા ગુણસ્થાનકના આઠમા ભાગે ૧૦૪ પ્રકૃતિ સત્તામાં હોય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાય.

૫ ૬ ૨ ૩ ૧ ૮૦ ૨ ૫ =૧૦૪

મોહનીય ૩ = સંજ્વલન માન-માયા-લોભ.

નામ ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના આઠમા ભાગના અંતે ૧ પ્રકૃતિનો અંત થાય છે.

મોહનીય ૧-સંજ્વલન માન.

નવમા ગુણસ્થાનકના નવમા ભાગે ૧૦૩ પ્રકૃતિની સત્તા હોય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાય.

૫ ૬ ૨ ૨ ૧ ૮૦ ૨ ૫ =૧૦૩

મોહનીય ૨ = સંવલજ્વન માયા - લોભ.

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

નવમા ગુણસ્થાનકના નવમા ભાગના અંતે ૧ પ્રકૃતિ નો અંત થાય છે.

મોહનીય - ૧ = સંજ્વલન માયા

દશમા ગુણસ્થાનકે ૧૦૨ પ્રકૃતિ સત્તામાં હોય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાય.

૫ ૬ ૨ ૧ ૧ ૮૦ ૨ ૫ =૧૦૨

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

દશમાના અંતે ૧ પ્રકૃતિનો અંત થાય છે.

મોહનીય - ૧ = સંજ્વલન લોભ.

બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી ૧૦૧/સત્તામાં હોય.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાય.

૫ ૬ ૨ ૦ ૧ ૮૦ ૨ ૫ = ૧૦૧

નામ - ૮૦ = પિંડપ્રકૃતિ ૫૭ - પ્રત્યેક ૬ - ત્રસ ૧૦ - સ્થાવર ૭.

બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્યે ૨ પ્રકૃતિનો અંત થાય છે.

દર્શનાવરણીય - ૨ = નિદ્રા - પ્રચલા.

બારમા ગુણસ્થાનકના અંત સમયે ૯૯ પ્રકૃતિ સત્તામાં હોય છે.

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-મોહનીય-આયુષ્ય-નામ-ગોત્ર-અંતરાય.

૫ ૪ ૨ ૦ ૧ ૮૦ ૨ ૫ = ૯૯

બારમા ગુણસ્થાનકના અંત સમયે ૧૪ પ્રકૃતિનો અંત થાય છે.

જ્ઞાનાવરણીય ૫ - દર્શનાવરણીય ૪ - અંતરાય ૫ = ૧૪

તેરમા ગુણસ્થાનકે ૮૫ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર.

૨ ૧ ૮૦ ૨ = ૮૫

ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી ૮૫ પ્રકૃતિ સત્તામાં હોય છે.

વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર.

૨ ૧ ૮૦ ૨ = ૮૫

ચૌદમાના ઉપાન્ત્ય સમયના અંતે ૭૨ પ્રકૃતિ અથવા ૭૩ પ્રકૃતિનો અંત થાય છે.

વેદનીય - ૧ શાતા અથવા અશાતા. ગોત્ર - ૧ = નીચ ગોત્ર.

નામ - ૭૦ અથવા ૭૧ નો અંત થાય છે.

પિંડપ્રકૃતિ ૫૪/૫૫ - પ્રત્યેક ૫ - ત્રસ ૪ - સ્થાવર ૭.

પિંડપ્રકૃતિ ૫૪/૫૫ - દેવગતિ - ૫ શરીર - ૩ અંગોપાંગ - ૬ સંઘયણ - ૫ બંધન - ૫ સંઘાતન - ૬ સંસ્થાન - વર્ણાદિ ૨૦ - દેવાનુપૂર્વી - ૨ વિહાયોગતિ - મનુષ્યાનુપૂર્વી સાથે ગણીએતો ૫૫ પ્રકૃતિ.

પ્રત્યેક - ૫ = પરાઘાત - ઉચ્છ્વાસ - અગુરૂલઘુ - નિર્માણ - ઉપઘાત.

ત્રસ - ૪ = પ્રત્યેક - સ્થિર - શુભ - સુસ્વર.

સ્થાવર - ૭ = અપર્યાપ્ત-અસ્થિર-અશુભ દુર્ભગ-દુસ્વર-અનાદેય-અયશ.

ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે ૧૨ અથવા ૧૩ પ્રકૃતિની સત્તા હોય છે.

વેદનીય - આયુષ્ય - નામ - ગોત્ર.

૧ ૧ ૯/૧૦ ૧ = ૧૨/૧૩

વેદનીય = ૧ શાતા વેદનીય અથવા અશાતા વેદનીય.

આયુષ્ય ૧ = મનુષ્યાયુષ્ય.

ગોત્ર - ૧ ઉચ્ચગોત્ર પ્રકૃતિ.

નામ - ૯/૧૦ પિંડપ્રકૃતિ ૨/૩ - પ્રત્યેક - ૧ ત્રસ - ૬.

પિંડ - ૨ = મનુષ્યગતિ - પંચે. જાતિ અથવા મનુષ્યાનુપૂર્વી સાથે ગણીએતો ૩.

પ્રત્યેક - ૧ = જિનનામ.

ત્રસ - ૬ = ત્રસ - બાદર - પર્યાપ્ત - સુભગ - આદેય - યશ.

ચૌદમાના અંતે ૧૨ અથવા ૧૩ પ્રકૃતિનો અંત થતાં જીવ સિધ્ધિ ગતિને પામે છે. આ રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ચૌદમાના અંતે પ્રકૃતિઓનો અંત કરી સિધ્ધિ ગતિને પામ્યા

સત્તા સમાપ્ત.

## પરિશિષ્ટ - ૧

બંધ પ્રકૃતિઓનું વર્ણન.

૧. જ્ઞાનાવરણીય ૫ - દર્શનવરણીય ૪ - અંતરાય ૫ આ ૧૪ પ્રકૃતિઓ ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૨. નિદ્રા - પ્રચલા આ બે પ્રકૃતિ ૧ થી ૮ મા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી સતત બંધાય છે.

૩. થીણધ્ધીત્રિક પ્રકૃતિ એક અને બે ગુણસ્થાનકે સતત બંધાય છે.

૪. શાતાવેદનીય પ્રકૃતિ ૧ થી ૬ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય અને ૭ થી ૧૩ ગુણસ્થાનકે સતત બંધાય.

૫. અશાતા વેદનીય પ્રકૃતિ ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે બંધાય છે.

૬. ઉચ્ચગોત્ર પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાનરૂપે અને ૩ થી ૧૦ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૭. નીચગોત્ર પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૮. નરકાયુષ્ય પ્રકૃતિ પહેલા ગુણસ્થાનકે બંધાય તો એક અંતરમુહૂર્ત સુધી સતત બંધાય છે.

૯. તિર્યંચાયુષ્ય પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનકે બંધાય તો એક અંતરમુહૂર્ત સુધી સતત બંધાય છે.

૧૦. મનુષ્યાયુષ્ય પ્રકૃતિ - ૧-૨ અને - ૪ ગુણસ્થાનકે બંધાય તો એક અંતરમુહૂર્ત સુધી સતત બંધાય છે.

૧૧. દેવાયુષ્ય પ્રકૃતિ - ૧-૨ તથા ૪ થી ૬ અથવા ૪ થી ૭ સુધી એક અંતરમુહૂર્ત બંધાય તો સતત બંધાય સાતમા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ નવો ચાલુ થતો નથી.

૧૨. મિથ્યાત્વ પ્રકૃતિ ૧લા ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૧૩. અનંતાનુબંધિ ૪ કષાય પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૧૪. અપ્રત્યાખ્યાનીય ૪ કષાય પ્રકૃતિ - ૧ થી ૪ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૧૫. પ્રત્યાખ્યાનીય ૪ કષાય પ્રકૃતિ - ૧ થી ૫ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૧૬. સંજ્વલન ક્રોધ પ્રકૃતિ - ૧ થી ૯ ગુણસ્થાનકના ૨ ભાગ સુધી સતત બંધાય છે.

૧૭. સંજ્વલન માન પ્રકૃતિ - ૧ થી ૯ ગુણસ્થાનકના ૩ ભાગ સુધી સતત બંધાય છે.

૧૮. સંજ્વલન માયા પ્રકૃતિ - ૧ થી ૯ ગુણસ્થાનકના ૪ ભાગ સુધી સતત બંધાય છે.

૧૯. સંજ્વલન લોભ પ્રકૃતિ - ૧ થી ૯ ગુણસ્થાનકના ૫ ભાગ સુધી સતત બંધાય છે.

૨૦. અરતિ - શોક પ્રકૃતિ - ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે બંધાય છે.

૨૧. હાસ્ય - રતિ પ્રકૃતિ - ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે અને ૭ થી ૮ ગુણસ્થાનકના ૭ ભાગ સુધી સતત બંધાય છે.

૨૨. ભય - જુગુપ્સા પ્રકૃતિ - ૧ થી ૮ ગુણસ્થાનકના ૭ ભાગ સુધી સતત બંધાય છે.

૨૩. પુરૂષવેદ પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે અને ૩ થી ૯ ગુણસ્થાનકના ૧ ભાગ સુધી સતત બંધાય છે.

૨૪. સ્રીવેદ પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૨૫. નપુંસકવેદ પ્રકૃતિ - પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૨૬. નરકગતિ-નરકાનુપૂર્વી પ્રકૃતિ બંધાય ત્યારે સતત એક અંતરમુહૂર્ત સુધી ચાર ગતિની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૨૭. તિર્યચગતિ-તિર્યચાનુપૂર્વી પ્રકૃતિ બંધાય તો એક અંતરમુહૂર્ત સુધી સતત પહેલે ગુણસ્થાનકે ચારગતિની સાથે. બીજે ગુણસ્થાનકે નરક સિવાય ત્રણગતિની સાથે પરાવર્તમાનરૂપે બંધાય છે.

૨૮. મનુષ્યગતિ-મનુષ્યાનુપૂર્વી પ્રકૃતિ-૧-૨ગુણસ્થાનકે ચારેગતિના જીવોને પરાવર્તમાન રૂપે અને ૩-૪ ગુણસ્થાનકે દેવતા- નારકીને સતત બંધાય છે.

૨૯. દેવગતિ-દેવાનુપૂર્વી પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન તથા તિર્યચોને ૩ થી ૫ ગુણસ્થાનકસુધી, મનુષ્યને ૩ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૩૦. એકેન્દ્રિય આદિ ૪ જાતિ પ્રકૃતિ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૩૧. પંચેન્દ્રિય જાતિ પ્રકૃતિ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન અને ૨ જાથી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૩૨. ઔદારિક શરીર - ઔદારિક અંગોપાંગ, દેવતાનારકીનાજીવો ૧ થી ૪ ગુણસ્થાનક સુધી સતત અને મનુષ્ય - તિર્યચોને ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૩૩. વૈક્રીયશરીર-વૈક્રીયઅંગોપાંગ પ્રકૃતિ મનુષ્ય અને તિર્યંચો ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે તથા ૩ થી ૫ ગુણસ્થાનક સુધી તિર્યંચો અને ૩ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી મનુષ્યો સતત બાંધે છે.

૩૪. આહારકશરીર-આહારકઅંગોપાંગ આ બે પ્રકૃતિ ૭માથી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી પરાવર્તમાન રૂપે બંધાય છે.

૩૫. તૈજસ શરીર-કાર્મણ શરીર પ્રકૃતિ ૧ થી ૮ ગુણસ્થાનક ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૩૬. ૧ લું સંઘયણ પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે ૩-૪ ગુણસ્થાનકે દેવતા-નારકી સતત બાંધે છે.

૩૭. મધ્યમ ૪ સંઘયણ પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૩૮. છેવટ્ઠું સંઘયણ પ્રકૃતિ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૩૯. ૧ લું સંસ્થાન પ્રકૃતિ - ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે અને ૩ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૪૦. મધ્યમ ૪ સંસ્થાન પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૪૧. છેલ્લું સંસ્થાન પ્રકૃતિ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૪૨. વર્ણાદિ ૪ પ્રકૃતિ ૧ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૪૩. શુભ વિહાયોગતિ પ્રકૃતિ ૧-૨ ગુણસ્થાનકે પરાવર્તમાનરૂપે અને ૩ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૪૪. અશુભ વિહાયોગતિ પ્રકૃતિ ૧ - ૨ ગુણસ્થાનકે પરાવર્તમાન હોય છે.

૪૫. પરાઘાત - ઉચ્છ્વાસ પ્રકૃતિ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે અને ૨ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.આ બે પ્રકૃતિઓ પર્યાપ્ત નામકર્મની સાથે જ બંધાય છે અપર્યાપ્ત નામકર્મ બંધાય ત્યારે બંધાતી ન હોવાથી ૧લે ગુણસ્થાનકે પરાવર્તમાન ગણાય છે. બીજે થી અપર્યાપ્ત નામ કર્મ બંધમાં ન હોવાથી સતત બંધ ગણાય છે.

૪૬. આતપ નામ કર્મ પ્રકૃતિ એકેન્દ્રિય જાતિની સાથે બાદર - પર્યાપ્ત પ્રત્યેકની સાથે બંધાય ત્યારે સતત બંધાય.

૪૭. ઉદ્યોત નામકર્મ પ્રકૃતિ તિર્યંચગતિની સાથે બંધાય ત્યારે સતત બંધાય

૪૮. જિનનામ જે જીવોએ નિકાચીત કરેલ હોય ત્યારે તેઓ સતત બાંધે છે બાકી અનિકાચીત બંધવાળા જીવો પરાવર્તમાન રૂપે બાંધે છે.

૪૯. અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત આ ત્રણ પ્રકૃતિઓ ૧ થી ૮ ગુણસ્થાનક ૬ ભાગ સુધી સતત બંધાય છે

૫૦. ત્રસ - બાદર - પર્યાપ્ત - પ્રત્યેક પ્રકૃતિ પહેલા ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે અને ૨ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૫૧. સુભગ - સુસ્વર - આદેય - આ ત્રણ પ્રકૃતિ ૧ - ૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે અને ૩ થી ૮ ગુણસ્થાનકના ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૫૨. સ્થિર - શુભ આ બે પ્રકૃતિ ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન અને ૭ થી ૮ ગુણસ્થાનક ૬ ભાગ સુધી સતત બંધાય છે.

૫૩. યશ નામ કર્મ પ્રકૃતિ ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન, ૭ થી ૧૦ ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

૫૪. સ્થાવર - સૂક્ષ્મ - અપર્યાપ્ત - સાધારણ - આચાર પ્રકૃતિઓ પહેલે ગુણસ્થાનકે પરાવર્તમાનરૂપે બંધાય છે.

૫૫. દુર્ભગ - દુસ્વર - અનાદેય - આત્રણ પ્રકૃતિ ૧ - ૨ ગુણસ્થાનકે પરાવર્તમાન રૂપે બંધાય છે.

૫૬. અસ્થિાર - અશુભ - અયશ આત્રાણ પ્રકૃતિ ૧ થી ૬ ગુણસ્થાનક સુધી પરાવર્તમાન રૂપે બંધાય છે.

## ઉદય આશ્રયી વાર્ણન

૧. મિથ્યાત્વ પ્રત્યયિકી ઉદયમાં પાંચ પ્રકૃતિઓ હોય છે.

મોહનીય - ૧ = મિથ્યાત્વ

નામ - ૩ = સૂક્ષ્મ - અપર્યાપ્ત - સાધારણ

૨. અવિરતિ પ્રત્યયિકી ઉદયમાં ૨૭ પ્રકૃતિઓ હોય છે.

| મોહનીય | આયુ | નામ | |
|---|---|---|---|
| ૯ | ૨ | ૧૬ | = ૨૭. |

મોહનીય - ૯ = મિશ્ર મોહનીય-અનંતાનુબંધિ આદિ - ૮ કષાય.

આયુષ્ય ૨ - નરકાયુષ્ય-દેવાયુષ્ય.

નામ - ૧૬ = પિંડપ્રકૃતિ ૧૨ - સ્થાવર - ૪

પિંડપ્રકૃતિ ૧૨ = એકેન્દ્રિયઆદિ ૪ જાતિ - નરકગતિ - દેવગતિ - વૈક્રીય શરીર - વૈક્રીયઅંગોપાંગ - ૪ આનુપૂર્વી.

સ્થાવર - ૪ = સ્થાવર - દુર્ભગ - અનાદેય - અયશ.

૩. કષાય પ્રત્યયિકી ૩૦ પ્રકૃતિઓ હોય છે.

| દર્શનાવરણીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર. | |
|---|---|---|---|---|---|
| ૩ | ૧૮ | ૧ | ૭ | ૧ | = ૩૦ |

દર્શનાવરણીય - ૩ = થીણધ્ધીત્રિક.

મોહનીય ૧૮ = પ્રત્યાખ્યાનાદિ - ૮ કષાય - હાસ્થાદિ - ૬ - ૩ વેદ - સમ્યક્ત્વ મોહનીય.

આયુષ્ય ૧ તિર્યંચાયુષ્ય ગોત્ર - ૧ = નીચ ગોત્ર.

નામ - ૭ = તિર્યંચગતિ - આહારકશરીર - આહારકઅંગોપાંગ - છેલ્લા ત્રણ સંઘયણ - ઉદ્યોત.

**૪.** યોગ પ્રત્યયિકી ૪૮ પ્રકૃતિઓ હોય છે

જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-નામ-અંતરાય

૫ ૬ ૧ ૩૧ ૫ = ૪૮

વેદનીય - ૧ = શાતા અથવા અશાતા

નામ - ૩૧ = પિંડપ્રકૃતિ ૧૯ - પ્રત્યેક ૫ - ત્રસ ૪ - સ્થાવર ૩.

પિંડ પ્રકૃતિ ૧૯ ઔદારિકશરીર - તૈજસશરીર - કાર્મણશરીર - ઔદારિક અંગોપાંગ - પહેલા ત્રણ સંઘયણ - ૬ સંસ્થાન - ૪ વર્ણાદિ - ૨ વિહાયોગતિ

પ્રત્યેક - ૫ -પરાઘાત - ઉચ્છ્વાસ - અગુરૂલઘુ - નિર્માણ - ઉપઘાત.

ત્રસ -૪ = પ્રત્યેક - સ્થિર - શુભ - સુસ્વર.

સ્થાવર - ૩ = અસ્થિર - અશુભ - દુસ્વર.

**૫.** અયોગ પ્રત્યયિકી ૧૨ પ્રકૃતિઓ હોય છે.

વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર.

૧ ૧ ૯ ૧ = ૧૨

વેદનીય - ૧. શાતા વેદનીય અથવા અશાતા વેદનીય.

આયુષ્ય-૧. મનુષ્યાયુષ્ય.

ગોત્ર - ૧ ઉચ્ચગોત્ર.

નામ - ૯ = મનુષ્યગતિ - પંચેન્દ્રિયજાતિ - જિનનામ - ત્રસ - બાદર - પર્યાપ્ત - સુભગ - આદેય - યશ.

## સત્તા પ્રકૃતિઓનું વર્ણન.

૧. પહેલા ગુણસ્થાનકે જિનનામની સત્તા એક અંતરમુહૂર્ત જ હોય છે.

૨. જિનનામ - આહારક ચતુષ્ક - આ પાંચની સત્તા એક સાથે કોઈપણ જીવને પહેલા ગુણસ્થાનકે હોતી નથી.

૩. જિનનામની સત્તા - બીજે ત્રીજે ગુણસ્થાનકે હોય નહિ એટલે જિનનામની સત્તાવાળા જીવો બીજે ત્રીજે ગુણસ્થાનકે આવે નહિ.

૪. અનંતાનુબંધિ ૪ ની સત્તા પહેલા બીજા ગુણસ્થાનકે અવશ્ય હોય ૩ થી ૧૧ ગુણસ્તાનકમાં હોય અથવા ન હોય.

૫. સમ્યક્ત્વ મોહનીયની સત્તા બીજે ગુણસ્થાનકે અવશ્ય હોય બાકીના ૧ અને ૩ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય અથવા ન પણ હોય.

૭. મિશ્રમોહનીયની સત્તા બીજા - ત્રીજા ગુણસ્થાનકે અવશ્ય હોય ૧ અને ૪ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય અથવા ન હોય.

૮. મિથ્યાત્વ મોહનીયની સત્તા ૧ થી ૩ ગુણસ્થાનકમાં અવશ્ય હોય ૪ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય અથવા ન હોય.

**૧૪૮ પ્રકૃતિઓમાં ધ્રુવાદિ વર્ણન.**

ધ્રુવ સત્તારૂપે ૧૨૬ પ્રકૃતિઓ હોય છે.

| જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૭૮ | ૧ | ૫ | =૧૨૬ |

નામ - ૭૮ = પિંડપ્રકૃતિ ૫૧ - પ્રત્યેક ૭ - ત્રસ ૧૦ - સ્થાવર ૧૦.

પિંડ પ્રકૃતિ ૫૧ = તિર્યચગતિ - ૫ જાતિ - ઔદારિકશરીર-તૈજસશરીર-કાર્મણશરીર-ઔદારિકઅંગોપાંગ-ઔદારિક-તૈજસ-કાર્મણ બંધન-ઔદારિક- તૈજસ - કાર્મણ સંઘાતન -વર્ણાદિ - ૨૦ - તિર્યચાનુપૂર્વી - ૨ વિહાયોગતિ - ૬ સંઘયણ - ૬ સંસ્થાન.

પ્રત્યેક - ૭ = પરાઘાત - ઉચ્છ્વાસ - આતપ - ઉદ્યોત - અગુરૂલઘુ - નિર્માણ - ઉપઘાત.

ગોત્ર ૧ = નીચ ગોત્ર.

અધ્રુવ સત્તા ૨૨ પ્રકૃતિઓ હોય

| મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૧૫ | ૧ | = ૨૨ |

મોહનીય - ૨ સમ્યક્ત્વ મોહનીય-મિશ્ર-મોહનીય

નામ - ૧૫ = પિંડપ્રકૃતિ ૧૪ - પ્રત્યેક ૧ = ૧૫

પિંડપ્રકૃતિ ૧૪ = નરકગતિ = મનુષ્યગતિ = દેવગતિ = વૈક્રીયચતુષ્ક - આહારકચતુષ્ક - નરકાનુપૂર્વી - મનુષ્યાનુપૂર્વી - દેવાનુપૂર્વી.

પ્રત્યેક - ૧ = જિનનામ.

ગોત્ર - ૧ = ઉચ્ચ ગોત્ર.

૧. સમ્યક્ત્વ મોહનીય-મિશ્ર મોહનીય અનાદિ મિથ્યાત્વીને ન હોય સાદિ મિથ્યાત્વી ઉદ્વલના કરે ત્યારે ન હોય બાકીનાને હોય તેથી અધ્રુવ સત્તા.

૨. નરકધ્વિક - દેવધ્વિક - વૈક્રીય ચતુષ્ક - આ આઠ એકેન્દ્રિય જીવો ઉદ્વલના કરે છે. માટે અધ્રુવસત્તા રૂપે હોય છે.

૩. આહારક ચતુષ્ક - બંધમાં બંધાય કે ન બંધાય તેથી અધ્રુવસત્તા રૂપે હોય છે.

૪. મનુષ્યધ્વિક - ઉચ્ચગોત્ર - તેઉકાય - વાયુકાય જીવો ઉદ્વલના કરે છે. તેથી અધ્રુવસત્તા ગણાય છે.

૫. જિનનામ બંધમાં હોય અથવા ન હોય તેથી અધ્રુવ સત્તા રૂપે ગણાય છે.

બાકીની ધ્રુવ સત્તા રૂપે રહેલી પ્રકૃતિઓ જે જે ગુણસ્થાનકે સત્તામાંથી વિચ્છેદ ન થાય ત્યાં સુધી રહે છે. તેથી તે ધ્રુવ સત્તા કહેવાય છે.

## કર્મસ્તવ નામનો કર્મગ્રંથ-બીજો

**તહ થુણિમો વીરજિણં, જહ ગુણઠાણેસુ સયલકમ્માઈ,**
**બંધુદઓદીરણયા, સત્તાપત્તાણિ ખવિયાણિ ॥૧॥**

**અર્થ :** તહ-તેમ, થુણિમો-સ્તવીશું, વીરજિણં-વીરસ્વામિને, જહ-જેમ, ગુણઠાણેસુ-ગુણસ્થાનકને વિષે, સયલ-સઘળાં, કમ્માઈ-કર્મોને, બંધા-બંધ, ઉદય-ઉદય, ઉદીરણયા-ઉદીરણા, સત્તા-સત્તા, પત્તાણિ-પ્રાપ્ત થયેલાને, ખવિયાણી-ખપાવ્યાં.

**ભાવાર્થ :-** જે રીતે સઘળાં ગુણસ્થાનકોને વિષે રહીને બંધ-ઉદય-ઉદીરણા તથા સત્તામાં રહેલાં સઘળાં કર્મોને ખપાવ્યાં છે એવા વીર જિનેશ્વરને અમે સ્તવીએ છીએ.

**મીચ્છે સાસણ મીસે, અવિરય દેસે પમત્ત અપમત્તે,**
**નિયટ્ટિ અનિયટ્ટિ, સુહુમુવસમ ખીણસજોગિ અજોગિગુણા ॥૨॥**

**અર્થ :-** મિચ્છે-મિથ્યાત્વ ગુણસ્થાન, સાસણ-સાસ્વાદન, મીસે-મિશ્ર, અવિરત-અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેસે-દેશવિરતિ, પ્રમત્ત-પ્રમત્તસંયત, અપ્રમતે-અપ્રમત્તસંયત, નિઅટ્ટિ-નિવૃત્તિ (અપૂર્વકરણ), અનિયટ્ટિ-અનિવૃત્તિ (બાદર સંપરાય), સુહુમ-સુક્ષ્મ સંપરાય, ઉવસમ-ઉપશાંત મોહવીતરાગ, ખીણ-ક્ષીણ મોહ વીતરાગ, સજોગિ-સયોગીકેવલી, અજોગિ-અયોગીકેવલી, ગુણા-ગુણસ્થાનકો

**ભાવાર્થ :-** મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્તસર્વવિરતિ, અપ્રમત્ત સર્વવિરતિ, નિવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ, સુક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવલી તથા અયોગીકેવલી એ ચૌદ ગુણસ્થાનકો કહેવાય છે.

**અભિનવકમ્મગ્ગહણં, બંધો ઓહેણ તત્થ વીસસયં,**
**તિત્થયરાહારગ દુગ, વજ્જં મિચ્છંમિ સત્તરસયં ॥૩॥**

**અર્થ :** - અભિનવ-નવા, કમ્મગ્ગહણં-કર્મનું ગ્રહણ કરવું, બંધો-બંધ, ઓહેણ-ઓઘે, તત્થ-ત્યાં, વીસસયં-એકસોવીસ, તિથ્થયર-તીર્થંકર નામકર્મ, આહારગદુગ-અહારકદ્વિક, વજ્જં-વર્જીને, મિચ્છંમિ-મિથ્યાત્વે, સત્તરસયં-એકસોસત્તર.

**ભાવાર્થ :** નવા કર્મનું જે ગ્રહણ કરવું તે બંધ કહેવાય છે. જેમાં ઓઘે ૧૨૦ પ્રકૃતિઓ બંધાય છે. જિનનામ, આહારકદ્વિક સિવાય મિથ્યાત્વે એકસોસત્તર પ્રકૃત્તિઓ બંધાય છે.

**નરયતિગ જાઈથાવર, ચઉ હુંડાયવ છિવટ્ઠ નપુ મિચ્છં,**
**સોલંતો ઈગહિઅસય, સાસણિ તિરિથીણદુહગતિગં ॥૪॥**

**અર્થ :-** નરયતિગ-નરકત્રિક, જાઈ-જાતિચતુષ્ક, થાવરચઉ-થાવરચતુષ્ક, હુંડ-હુંડકસંસ્થાન, આયવ-આતપ, છિવટ્ઠ-છેવટ્ઠું સંઘયણ, નપુ-નપુંસકવેદ, મિચ્છં-

મિથ્યાત્વ મોહનીય, સોલંતો-સોળનો અંત કરે. ઈગહિઅસ્સ-એકસો એક, સાસણિ-સાસ્વાદને, તિરિ-તિર્યંચત્રિક, થીણ-થીણદ્ધિત્રિક, દુહગતિગં-દુર્ભગત્રિક.

**અણમજ્ઝાગિઇ સંઘયણ, ચઉનિઉજ્જોય કુખગઈત્થિત્તિ,**

**પણવીસંતો મીસે, ચઉસયરિ દુઆઉઅ અબંધા ॥૫॥**

**અર્થ** : અણ-અનંતાનુબંધિ, મજ્ઝાગિઈ-મધ્યાકૃતિ, સંઘયણ-સંઘયણ, ચઉ-(એ ત્રણ) ચતુષ્ક, નિઅ-નીચગોત્ર, ઉજ્જોય-ઉદ્યોતનામ, કુખગઈ - અશુભવિહાયોગતિ, ત્થિતિ-સ્ત્રીવેદ, પણવીસંતો-પચીસનો અંત, મીસે-મિશ્રગુણઠાણે, ચઉસયરિ-ચુમ્મોતેર, દુઆઉઅ-બે આયુષ્યનો, અબંધા-અબંધ.

**ભાવાર્થ** : નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠું, નપુંસકવેદ, મિથ્યાત્વ આ સોળનો અંત થાય, સાસ્વાદને એકસો એક બંધાય. તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દુર્ભગત્રિક અનંતાનુબંધી ૪ કષાય, મધ્યમ ૪ સંસ્થાન, નીચગોત્ર, ઉદ્યોત, અશુભવિહાયોગતિ-સ્ત્રીવેદઆ પચીસનો અંત તથા બે આયુષ્યનો અબંધ થતાં મિશ્રે ૭૪ બધાય છે.

**સમ્મેસગ સયરિ જિણાઉ, બંધિ વઈર નરતિ અબિઅકસાયા,**

**ઉરલ દુગંતો દેસે, સત્તઠ્ઠી તિ અ કસાયંતો ॥૬॥**

**અર્થ** : સમ્મે-સમ્યક્દ્રષ્ટિમાં, સગસયરિ-સીત્તોતેર, જિણ-જિનનામ, આઉ (મનુષ્યાયુ તથા દેવાયુ) આયુષ્ય, બંધિ-બાંધેછતે, વઈર-વજ્રૠષભનારાચ, નરતિઅ-મનુષ્યત્રિક, બિઅકસાયા-બીજા અપ્રત્યાખ્યાનીય ચાર કષાય, ઉરલદુગંતો-ઔદારિકદ્વિકનો અંત કરે, દેસે-દેશવિરતિએ, સત્તઠ્ઠી-સડસઠ, તિઅ-ત્રીજા પ્રત્યાખ્યાનીય, કસાયંતો-કસાયનો અંત.

**ભાવાર્થ** :- જિનનામ, બે આયુષ્ય અધિક થતાં સમ્યક્ત્વે-૭૭ બંધાય, વજ્રૠષભ નારાચ, નરત્રિક, અપ્રત્યાખ્યાનીય કષાય, ઔદારીકદ્વિકનો અંત થતાં દેશ વિરતિએ ૬૭ પ્રકૃતિઓ બંધાય છે. અને પ્રત્યાખ્યાનીય કષાયનો અંત થાય છે.

**તેવટ્ઠિ પમત્તે સોગ અરઈ, અથિરદુગ અજસ અસ્સાયં,**

**વુચ્છિજ્જ છચ્ચ સત્તવ, નેઈ સુરાઉં જયા નિટ્ઠં ॥૭॥**

**અર્થ** :- તેવટ્ઠિ-ત્રેસઠ, પમત્તે-પ્રમત્ત ગુણઠાણે, સોગ-શોક મોહનીય, અરઈ-અરતિ મોહનીય, અથિરદુગ-અસ્થિરદ્વિક, અજસ-અયશ નામકર્મ, અસ્સાય-અસાતા વેદનીય, વુચ્છિજ્જ-વિચ્છેદ પામે, છચ્ચ-છ પ્રકૃતિ સત્ત વ-અથવા સાત પ્રકૃતિ, સુરાઉં-સુરાયુને, જયા-જ્યારે નિટ્ઠં-નેષ્ટા પમાડે (બંધ સંપૂણ કરે)

**ગુણસટ્ઠિ અપમત્તે, સુરાઉ બંધંતુ જઈ ઈહાગચ્છે,**

**અન્નહ અઠ્ઠાવન્ના, જં આહારગ દુગં બંધે ॥૮॥**

**અર્થ :-** ગુણસટ્ઠિ -ઓગણસાઠ, અપમત્તે-અપ્રમત્ત ગુણઠાણે, સુરાઉ-દેવાયુષ્ય-બંધંતુ-બાંધતો થકો, જઈ-જો, ઈહાગચ્છે-અહીં આવે તો અન્નહ-અન્યથા, અઠ્ઠાવના-અઠ્ઠાવન, જં-જે માટે, આહારગદુગં આહારકદ્વિક, બંધે-બાંધે.

**ભાવાર્થ :-** ૬૩ પ્રમત્ત ગુણઠાણે બંધાય, શોક, અરતિ, અસ્થિરદ્વિક, અયશ, અશાતા આ છ પ્રકૃતિઓનો છેદ થાય અથવા સાત, દેવાયુષ્યનો વિચ્છેદ થાય તો કેટલાક જીવો પ્રમત્ત છતે દેવાયુષ્ય બાંધવાનો આરંભ કરતો કરતો અપ્રમત્ત ગુણઠાણે જાય તો ત્યાં બંધ કરે તો અપ્રમત્તે ૫૯ પ્રકૃતિઓ બંધાય છે અથવા આહારકદ્વિક બાંધતા ૫૮ પ્રકૃતિનો બંધ કરે છે.

**અડવન્ન અપુવ્વાઈમિ, નિદ્દ દુગંતો છપન્ન પણભાગે,**
**સુરદુગ પણિંદિ સુખગઈ, તસનવ ઉરલ વિણુ તણુવંગા ॥૯॥**
**સમચઉર નિમિણ જિણવન્ન, અગુરૂલહુ ચઉ છલંસિ તીસંતો,**
**ચરમે છવ્વીસ બંધો, હાસ રઈ કુચ્છ ભયભેઓ ॥૧૦॥**

**અર્થ :-** અડવન્ન-અઠ્ઠાવન, અપુવ્વાઈમિ-અપૂર્વકરણના પહેલા ભાગે, નિદ્દદુગંતો-નિદ્રાદ્વિકનો અંત કરે, છપન્ન-છપ્પનનો બંધ, પણભાગે-પાંચભાગે, સુરદુગ-સુરદ્વિક, પણિંદિ-પંચેન્દ્રિય જાતિ, સુખગઈ-શુભવિહાયોગતિ, તસનવ-ત્રસનવક, ઉરલવિણુ-ઔદારિકવિના, તણુ-શરીર, ઉવંગા-ઉપાંગ, સમચઉર-સમચતુરસ્ત્ર, નિમિણ-નર્માણનામ, જિણ-જિનનામ, વન્ન-વર્ણચતુષ્ક, અગુરૂલહુ-અગુરુલઘુચતુષ્ક, છલંસિ-છઠ્ઠે ભાગે, તીસંતો-ત્રીસનો અંત થાય, ચરમે-છેલ્લે ભાગે, છવીસ બંધો-છવ્વીસનો બંધ, હાસરઈ કુચ્છ ભય-હાસ્ય, રતિ, દુર્ગંછા અને ભય, ભેઓ-ભેદકરે (નાશ કરે)

**ભાવાર્થ :-** અપૂર્વકરણના પહેલા ભાગે ૫૮, નિદ્રાદ્વિકનો અંત થતાં ૨ થી ૬ ભાગે ૫૬ દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક, ઔદારિકવિના શરીર તથા અંગોપાંગો, સમચતુરસ્ત્ર, નિર્માણ, જિનનામ, વર્ણાદિ-૪, અગુરુલઘુચતુષ્ક, એ ત્રીસનો અંત થાય ત્યારે સાતમા ભાગે ૨૬ બંધાય છે. અંતે હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા એ ચારનો અંત થાય છે.

**અનિયટ્ટિ ભાગપણગે, ઈગેગ હીણોદુવીસવિહબંધો,**
**પુમ સંજલણ ચઉણ્હં, કમેણ છેઓ સત્તર સુહુમે ॥ ૧૧ ॥**

**અર્થ :-** અનિયટ્ટિ-અનિવૃત્તિના, ભાગપણગે-પાંચભાગે, ઈગેગહીણો-એકેક પ્રકૃતિ ઓછી, દુવીસવિહબંધો-બાવીસ પ્રકૃતિનો બંધ હોય, પુમ-પુરુષવેદ, સંજલણ-સંજવલનની, ચઉણ્હં-ચોકડીનો, કમેણછેઓ-અનુક્રમે છેદ થાય. સત્તર-સત્તર, સુહુમે-સુક્ષ્મસંપરાયે.

**ભાવાર્થ :-** અનિવૃત્તિકરણના પાંચ ભાગને વિષે અનુક્રમે બાવીસમાંથી એક એક

ઓછી કરવી. ક્રમે કરીને પુરુષવેદ, સંજ્વલન ચાર કષાયનો છેદ થતાં સુક્ષ્મસંપરાયે સત્તર પ્રકૃતિઓ બંધાય છે.

**ચઉદંસણુચ્ચજસનાણ, વિગ્ઘદસગંતિ સોલ સુચ્છેઓ,**
**તિસુ સાયબંધ છેઓ, સજોગિ બંધંતુડણંતો અ ॥ ૧૨ ॥**

**અર્થ** :- ચઉદંસણુચ્ચ-ચારદર્શનાવરણીય તથા ઉચ્ચગોત્ર, જસ-યશનામકર્મ, નાણ-જ્ઞાનાવરણીય પાંચ, વિગ્ઘ-પાંચ અંતરાય, દસગંતિ-એદસ પ્રકૃતિ, સોલસ-સોલનો, ઉચ્છેઓ-વિચ્છેદ હોય, તિસુ-ત્રણગુણઠાણે, સાયબંધ-સાતાવેદનીયનો બંધ, છેઓ-છેદ થાય, સજોગિ-સયોગીને અંતે, બંધંતુ-બંધનો અંત (શાતાવેદનીયનો) અણંતો-અનંતો કરે.

**ભાવાર્થ** :- દશમા ગુણસ્થાનકના અંતે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, એ ૧૪ ઉચ્ચગોત્ર, યશનામકર્મ એ સોળનો અંત થાય છે. ૧૧-૧૨-૧૩ મે એક શાતાવેદનીય બંધાય છે. તેરમાના અંતે અંત થાય છે. ચૌદમે અબંધક હોય.

**ઉદઓવિવાગવેયણ, મુદીરણમપત્તિ ઈહ દુવીસસયં,**
**સત્તરસયં મિચ્છેમીસ, સમ્મઆહારજિણણુદયા ॥ ૧૩ ॥**

**અર્થ** :- ઉદઓ-ઉદય, વિવાગ-વિપાક, વેઅણ-વેદવું, ઉદીરણં-ઉદીરણા, અપત્તિ-અણપહોંચે ખેંચીને વેદવું, ઈહ-અહીં, દુવીસસયં-એકસોબાવીસ, સત્તરસયં-એકસોસત્તર, મિચ્છે-મિથ્યાત્વે, મીસ-મીશ્રમોહનીયનો, સમ્મ-સમ્યક્ત્વ મોહનીયનો, આહાર-આહારકદ્વિકનો, જિણ-જિનનામકર્મનો, અણુદયા-ઉદય ન હોવાથી.

**ભાવાર્થ** :- જે પ્રમાણે કર્મ પ્રકૃતિઓનો બંધ કરેલ હોય તે મુજબ વિપાકથી ઉદયમાં આવે. તેને ભોગવવા તે ઉદય કહેવાય છે. બળાત્કારે ખેંચીને ઉદયમાં લાવી ભોગવવા તે ઉદીરણા કહેવાય છે. ઉદય તથા ઉદીરણામાં ૧૨૨ પ્રકૃતિઓ હોય છે. મિશ્ર સમ્યક્ત્વ, આહારકદ્વિક, તથા જિનનામનો અનુદય થતાં મિથ્યત્વે ૧૧૭ ઉદયમાં હોય છે.

**સુહુમતિગાયવમિચ્છં, મિચ્છંતં સાસણે ઈગારસયં,**
**નિરયાણુપુવ્વિણુદયા, અણથાવરઈગવિગલ અંતો ॥ ૧૪ ॥**

**અર્થ** :- સુહુમતિગ-સુક્ષ્મત્રિક, આયવ-આતપનામ, મિચ્છં-મિથ્યાત્વ મોહનીય, મિચ્છંતં-મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય. સાસણે-સાસ્વાદને, ઈગારસયં-એકસો અગીયાર, નિરયાણુપુવ્વિ-નરકાનુપૂર્વિનો, અણુદયા-અનુદય હોવાથી, અણ-અનંતાનુબંધિ ચાર, થાવર-સ્થાવર નામ, ઈગ-એકેંન્દ્રિય જાતિ વિગલ-વિકલેન્દ્રિય જાતિનો, અંતો-અંત હોય.

**મીસેસયમણુપુવ્વી, ડણુદયા મીસોદએણ મીસંતો,**
**ચઉસયમજએ સમ્મા, ડણુપુવ્વિખેવા બિયકસાયા ॥ ૧૫ ॥**

**અર્થ :-** મિસે-મિશ્રગુણઠાણે, સયં-સો, અણુપુવ્વીણુદયા-આનુપૂર્વીનો ઉદય ન હોય, મીસોદએણ-મિશ્રમોહનીયનો ઉદય હોય, મીસંતો-મિશ્રે અંત થાય ત્યારે, ચઉસયં-એકસોચાર, અજએ-અવિરત સમ્યક્દ્રષ્ટિ ગુણઠાણે, સમ્મ-સમ્યક્ત્વ મોહનીય, અણુપુવ્વિ-ચાર આનુપૂર્વી, ખેવા-ક્ષેપવીએ (નાંખીએ) બીઅ-બીજા (અપ્રત્યાખ્યાનીય) કસાયા-કષાયો.

**ભાવાર્થ :-** (૧૪ + ૧૫) - સુક્ષ્મત્રિક, આતપ, મિથ્યાત્વ, મિથ્યાત્વને અંતે અંત થતાં, ૧૧૧ સાસ્વાદને હોય તથા નરકાનુપૂર્વીનો અનુદય હોય, અનંતાનુબંધી ચાર, સ્થાવર, એકેન્દ્રિય વિકલેન્દ્રિયનો અંત, ત્રણ આનુપૂર્વીનો અનુદય થતાં મિશ્રે ૧૦૦, મિશ્રના અંતે મિશ્ર મોહનીયનો અંત, સમ્યક્ત્વ મોહનીય તથા ચાર આનુપૂર્વી પ્રક્ષેપ કરતાં સમ્યક્ત્વે ૧૦૪ ઉદયમાં હોય છે. ચોથાના અંતે બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાયનો અંત થાય છે.

**મણુતિરિણુપુવ્વિવિઉવટ્ઠ, દુહગઅણાઈજ્જદુગસતરછેઓ,**
**સગસીઈ દેસી તિરિગઈ, આઉ નિઉજ્જોઅ તિકસાયા ॥ ૧૬ ॥**
**અઠ છેઓ ઈગસી, પમત્તિ આહારજુગલ પકખેવા,**
**થીણતિગાહારગદુગ, છેઓ છસ્સયરિ અપમત્તે ॥ ૧૭ ॥**

**અર્થ :-** મણુતિરિ-મનુષ્ય અને તિર્યંચની, અણુપુવ્વી-આનુપૂર્વી, વિઉવટ્ઠ - વૈક્રિયાષ્ટક, દુહગ-દૌર્ભાગ્ય, અણાઈજ્જદુગ-અનાદેયદ્વિક, સતરછેઓ-સત્તરનો વિચ્છેદ, સગસીઈ-સત્યાસી, દેસિ-દેશ વિરતિએ, તિરિગઈ-તિર્યંચગતિ, આઉ-(તિર્યંચ) આયુ, નિ-નિચ્ચગોત્ર, ઉજ્જોઅ-ઉદ્યોતનામ, તિ-ત્રિજા, કસાયા-કષાય ચોકડી, અટ્ઠછેઓ-આઠનો છેદ, ઈગસી-એકયાસી, પમત્તિ-પ્રમત્ત ગુણઠાણે, આહારજુઅલ-આહારકયુગલ, પક્ખેવા-ક્ષેપવીએ, થીણતિગ-થીણધ્ધિત્રિક, આહારગદુગ-આહારકદ્વિક, છેઓ-વિચ્છેદ થાય, છસ્સયરિ-છોતેર, અપમત્તે-અપ્રમત્ત ગુણઠાણે.

**ભાવાર્થ :-** મનુષ્ય, તિર્યંચાનુપૂર્વી, વૈક્રિયઅષ્ટક, દુર્ભગ, અનાદેયદ્વિક સત્તરનો છેદ થતાં દેશવિરતિએ ૮૭ ઉદયમાં હોય. તિર્યંચગતિ-તિર્યંચાયુ-નીચગોત્ર, ઉદ્યોત તથા ત્રીજા કષાય એ આઠનો છેદ થતાં, પ્રમત્તે ૮૧ આહારક દ્વિકનો પ્રક્ષેપ કરવાથી, થીણધ્ધિત્રિક તથા આહારકદ્વિકનો અંત થતાં અપ્રમત્તે ૭૬ ઉદયમાં હોય.

**સમ્મત્તંતિમ સંઘયણ, તિઅગચ્છેઓ બિસત્તરિ અપુવ્વે,**
**હાસાઈછક્કઅંતો, છસટ્ઠિ અનિઅટ્ટિ વેઅતિગં ॥ ૧૮ ॥**
**સંજલણ તિગં છછેઓ, સટ્ઠિ સુહુમંમિ તુરિઅ લોભંતો,**
**ઉવસંતગુણે ગુણસટ્ઠિ, રિસહનારાય દુગ અંતો ॥ ૧૯ ॥**

**અર્થ :-** સમ્મત્ત-સમકિત મોહનીય, અંતિમ-છેલ્લાં, સંઘયણતિયગ-સંઘયણત્રિક,

વ્છેઓ-વિચ્છેદ, બિસત્તરિ-બહોંતેર, અપુવ્વે-અપૂર્વકરણે, હાસાઈ-હાસ્યાદિ, છક્ક-ષટ્કનો, અંતો-અંત, છસટ્ઠિ -છાસઠ અનિયટ્ટિ-અનિવૃત્તિ કરણે, વેઅતિગં-વેદત્રિક, સંજલણ તિગં-સંજવલનત્રિક, છચ્છેઓ-છનો વિચ્છેદ, સટ્ઠિ -સાઠ, સુહુમંમિ સુક્ષ્મસંપરાયે, તુરિય-ચોથા, લોભંતો-લોભનો અંત, ઉવસંતગુણે-ઉપશાંતમોહ ગુણઠાણે, ગુણસટ્ઠિ-ઓગણસાઠ, રિસહનારાયદુગ-ઋષભનારાચદ્વિક, અંતો-અંત.

**ભાવાર્થ :-** સમ્યક્ત્વ મોહનીય, અંતિમ ત્રણ સંઘયણનો અંત થતાં અપૂર્વકરણે, ૭૨, હાસ્યાદિ ૬ નો અંત થતાં અનિવૃત્તિએ-૬૬, વેદત્રિક, સંજવલનત્રિકનો અંત થતાં સુક્ષ્મસંપરાયે-૬૦, સંજવલન લોભનો અંત થતાં ઉપશાંત મોહે-૫૯, ઋષભનારાચ તથા નારાચ સંઘયણનો અંત થતાં.

**સગવન્ન ખીણદુચરિમિ, નિદ્દદુગંતો અચરિમિપણપન્ના,**
**નાણંતરાય દંસણ ચઉ છેઓ, સજોગી બાયાલા ॥ ૨૦ ॥**

**અર્થ :-** સગવન્ન-સત્તાવન, ખીણ-ક્ષીણમોહ, દુચરિમિ-ઉપાન્ત્ય સમયે, નિદ્દદુગંતો નિદ્રાદ્વિકનો અંત, ચરિમિ-છેલ્લા સમયે, પણપન્ના-પંચાવન, નાણ-જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય-અંતરાય પાંચ, દંસણચઉ-દર્શનાવરણીય ચાર, છેઓ-છેદ થાય, સજોગી-સયોગી ગુણઠાણે, બાયાલા-બેંતાલીસ.

**ભાવાર્થ :-** ૫૭ ક્ષીણ મોહ ઉપાન્ત્યે, નિદ્રાદ્વિકનો અંત થતાં ચરમે-૫૫, જ્ઞાનાવરણીય-૫, અંતરાય-૫, દર્શનાવરણીય-૪ એ ૧૪ જતાં સયોગીએ ૪૨ ઉદયમાં હોય.

**તિત્થુદયાઉરલાથીર, ખગઈદુગ પરિત્તતિગ છ સંઠાણા,**
**અગુરૂલહુ વન્ન ચઉ નિમિણ, તેય કમ્માઈ સંઘયણં ॥ ૨૧ ॥**
**દુસર સુસરસાયા સાએગયરં, ચ તીસ વુચ્છેઓ,**
**બારસ અજોગિ સુભગાઈજ્જ, જસંનયર વેયણીયં ॥ ૨૨ ॥**

**અર્થ :-** તિત્થુદયા-તિર્થંકર નામકર્મના ઉદયથી, ઉરલ-ઔદારિકદ્વિક, અથિર-અસ્થિરદ્વિક, ખગઈદુગ-વિહાયોગતિદ્વિક, પરિત્તતિગ-પ્રત્યેકત્રિક, છસંઠાણા-છસંસ્થાન, અગુરૂલહુ-અગુરૂલઘુચતુષ્ક, વન્નચઉ-વર્ણચતુષ્ક, નિમિણ-નિર્માણનામ, તેઅ-તૈજસશરીર, કમ્મ-કાર્માણ શરીર, આઈસંઘયણ-પહેલું સંઘયણ, દૂસર-દુસ્વરનામ સૂસર-સુસ્વરનામ, સાયા-શાતાવેદનીય, અસાયા-અશાતાવેદનીય એગયરં-(એમાંની) એક, તીસ-ત્રીસનો, વુચ્છેઓ-વિચ્છેદ, બારસ-બાર, અજોગી-અયોગી ગુણઠાણે, સુભગ-સૌભાગ્ય નામ, આઈજ્જ આદેયનામ, જસ-યશનામ, અન્નયરવેઅણિયં-બેમાંહેનું એક વેદનીય.

**ભાવાર્થ :-** જિનનામના ઉદયથી, ઔદારીકદ્વિક, અસ્થિરદ્વિક, વિહાયોગતિદ્વિક,

પ્રત્યેકત્રિક, ૬ સંસ્થાન, અગુરૂલઘુ ચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણ, તૈજસ-કાર્મણ શરીર, પહેલું સંઘયણ, દુસ્વર, સુસ્વર, શાતા અશાતામાંથી એક એમ ત્રીસનો અંત થતાં અયોગીએ ૧૨ ઉદયમાં હોય છે સુભગ-આદેય-યશ-શાતા અથવા અશાતામાંથી એક.

**તસતિગ પણિંદિ મણુઆઉ, ગઈજિણુચ્ચંતિ ચરિમ સમયંતો,**

**ઉદઉવ્વુદીરણા પર, મપમત્તાઈ સગગુણેસુ ॥ ૨૩ ॥**

**અર્થ** :- તસતિગ-ત્રસત્રિક, પણિંદિ-પંચેન્દ્રિય જાતિ, મણુઆઉગઈ-મનુષ્ય આયુ અને ગતિ, જિણુચ્ચંતિ-જિનનામ અને ઉચ્ચગોત્ર, ચરિમસમય-અંતસમયે, અંતો-અંત થાય, ઉદઉવ્વ-ઉદયની પેરે, ઉદીરણા-ઉદીરણા જાણવી, પરમ્-એટલું વિશેષ કે, અપ્રમત્તાઈ-અપ્રમત્તાદિ, સગગુણેસુ-સાતગુણઠાણે.

**ભાવાર્થ** :- ત્રસત્રિક, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, જિનનામ, ઉચ્ચગોત્ર, એ અયોગીના ચરમ સમયે અંત થાય એટલે જીવ સિદ્ધિગતિને પામે છે. ઉદયની જેમ પ્રમત્તગુણસ્થાનક સુધી ઉદીરણા જાણવી. અપ્રમત્ત ગુણસ્થાનથી સાત ગુણસ્થાનને વિષે જે વિશેષ છે તે હવે કહીશું.

**એસા પયડિતિગૂણા, વેયણિયાહાર જુઅલ થીણતિગં,**

**મણુઆઉ પમત્તંતા, અજોગિ અણુદીરગો ભયવં ॥ ૨૪ ॥**

**અર્થ** :- એસાપયડિ-એ ઉદીરણા પ્રકૃતિ, તિગૂણા-ત્રણગુણી જાણવી, વેયણિય-વેદનીય બે, આહારજુઅલ-આહારકદ્વિક, થીણતિગ-થીણદ્ધિત્રિક, મણુઆઉ-મનુષ્યાયુ, પમત્તંતા-પ્રમત્તેઅંત થાય. અજોગિ-અયોગી, ભયવં-ભગવાન, અણુદીરગો-અનુદીરક.

**ભાવાર્થ** :- છઠ્ઠાના અંતેથી ત્રણ પ્રકૃતિઓ અધિક ઓછી જાણવી, વેદનીય-૨, આયુષ્ય-૧, મનુષ્યાયુષ્ય, આહારકદ્વિક, થીણધ્ધિત્રિકનો અંત થતાં આગળ દરેક ગુણસ્થાનકે ઉદીરણામાં જાણવી-અયોગી અણુદીરગ હોય છે.

**સત્તા કમ્માણ ઠિઈ, બંધાઈલધ્ધ અત્તલાભાણં,**

**સંતે અડયાલ સયં, જાઉવસમુ વિજિણુ બિયતઈએ ॥ ૨૫ ॥**

**અર્થ** :- સત્તા-સત્તા, કમ્માણ-કર્મની, ઠિઈ-સ્થિતિ, બંધાઈ-બંધ આદિએ કરી, લધ્ધ-પ્રાપ્ત કર્યું છે, અત્તલાભાણં-આત્મસ્વરૂપ જેણે, સંતે-સત્તાએ, અડયાલસયં-એકસો અડતાલીસ, જા-યાવત્, ઉવસમુ-ઉપશાંત મોહ ગુણઠાણા સુધી, વિજિણુ-જિનનામ વિના, બિય-બીજે, તઈએ-ત્રીજે.

**ભાવાર્થ** :- કર્મોની બંધાયેલી જે સ્થિતિ આત્મપ્રદેશોની સાથે એકમેક થઈને નિયત કાળ માટે રહેલી તેને સત્તા કહેવાય છે. સત્તામાં મિથ્યાત્વથી ૧૧ મા ઉપશાંત મોહ સુધી ૧૪૮ પ્રકૃતિઓ હોય છે. બીજે તથા ત્રીજે ગુણસ્થાનકે જિનનામ વિના ૧૪૭ પ્રકૃતિઓની સત્તા હોય છે.

**અપુવ્વાઈ ચઉક્કે, અણતિરિનિરયાઉ વિણુ બિયાલસયં,**

**સમ્માઈ ચઉસુ સત્તગ, ખયંમિ ઈગચત્તસયમહવા ॥ ૨૬ ॥**

**અર્થ :-** અપુવ્વાઈ-અપૂર્વકરણાદિક, ચઉક્કે-ચારગુણઠાણે, અણ-અનંતાનુબંધી તિરિ-તિર્યંચાયુ, નિરયાઉ-નરકાયુ, વિણુ-વિના, બિયાલસયં-એકસો બેંતાલીસ, સમ્માઈ-સમ્યગ્દ્રષ્ટિ આદિ, ચઉસુ-ચાર ગુણઠાણે, સત્તગ-સાતપ્રકૃતિ, ખયંમિ-ક્ષય થયે છતે, ઈગચત્તસયં-એકસો એકતાલીસ, અહવા-અથવા.

**ભાવાર્થ :-** બીજા વિકલ્પથી અપૂર્વકરણાદિ ચાર ગુણસ્થાનકે તિર્યંચ-નરક આયુષ્ય, અનંતાનુબંધી ૪ કષાય એ ૬ સિવાય ૧૪૨ ની સત્તા હોય છે અથવા ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધી અનંતાનુંબંધી ૪ કષાય, મિથ્યાત્વ-મિશ્ર-સમ્યક્ત્વ મોહનીય એ સાત પ્રકૃતિઓ સિવાય ૧૪૧ પ્રકૃતિઓની સત્તા હોય છે.

**ખવગં તુ પપ્પ ચઉસુવિ, પણયાલં નિરયતિરિસુરાઉ વિણા,**

**સત્તગવિણુ અડતીસં, જા અનિયટ્ટી પઢમભાગો ॥ ૨૭ ॥**

**અર્થ :-** ખવગં તું પપ્પ-ક્ષપકને આશ્રયી વળી, ચઉસુવિ-એ ચારે ગુણઠાણે, પણયાલં-એકસો પીસ્તાલીસ, નિરય-નરકાયુ, તિરિ-તિર્યંચાયુ, સુરાઉ-દેવાયુ, વિણા-વિના, સત્તગવિણુ-સાત વિના, અડતીસ-એકસો અડત્રીસ, જા-યાવત્ અનિયટ્ટી-અનિવૃત્તિના, પઢમભાગો-પ્રથમ ભાગ સુધી.

**ભાવાર્થ :-** ક્ષપકજીવોને ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી ૧૪૫ ની સત્તા હોય છે. ત્રણ આયુષ્ય વિના તથા દર્શન સમક સિવાય ૧૩૮ ની સત્તા ચોથાથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી હોય છે.

**થાવરતિરિનિરયાયવ, દુગથીણતિગેગ વિગલ સાહારં,**

**સોલખઓ દુવીસસયં, બિયંસિ બિયતિય કસાયં તો ॥ ૨૮ ॥**

**અર્થ :-** થાવર-સ્થાવરદ્વિક, તિરિ-તિર્યંચદ્વિક, નિરય-નરકદ્વિક, આયવદુગ-આતપદ્વિક, થીણતિગ-થીણધ્ધિત્રિક, એગ-એકેંદ્રિયજાતિ, વિગલ-વિકલેંદ્રિય, સાહારં-સાધારણ નામ, સોલ-સોળનો, ખઓ-ક્ષય, દુવીસસયં-એકસોબાવીસ, બિયંસિ-બીજે ભાગે (નવમાના), બિયતિય-બીજા અને ત્રીજા, કસાયંતો-કષાયનો અંત.

**ભાવાર્થ :-** થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક, થીણદ્ધિત્રિક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સાધારણ એમ સોળનો અંત થતા નવમા ગુણસ્થાનકના બીજા ભાગે ૧૨૨ ની સત્તા હોય, બીજા ભાગના અંતે અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય આઠ કષાયનો અંત થાય છે.

**તઈઆઈસુ ચઉદસતેર, બારછપણ ચઉતિહિયસય કમસો,**

**નપુઈત્થિહાસછગપુંસ, તુરિઅકોહ મય માયખઓ ॥ ૨૯ ॥**

**અર્થ :-** તઈયાઈસુ-ત્રીજા આદિ ભાગને વિષે, ચઉદસ-એકસો ચૌદ, તિહિયસય-ત્રણઅધિકસો, કમસો-અનુક્રમે, નપુ-નપુંસકવેદ, ઈત્થિ-સ્ત્રીવેદ, હાસછગ-હાસ્યષટ્ક, પુંસ-પુરૂષવેદ, તુરિય-ચોથો, કોહ-ક્રોધ, મય-માન, માય-માયાનો, ખઓ-ક્ષય.

**ભાવાર્થ :-** નવમાના ત્રીજા ભાગાદિએ અનુક્રમે ૧૧૪-૧૧૩-૧૧૨-૧૦૬-૧૦૫-૧૦૪-૧૦૩ હોય છે. અંતે અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિક ૬, પુરૂષવેદ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયાનો અંત થાય છે.

**સુહુમિ દુસય લોહંતો, ખીણદુચરિમેગસયદુનિદ્દખઓ,**
**નવનવઈ ચરિમસમએ, ચઉદંસણનાણયવિગ્ધંતો ॥ ૩૦ ॥**

**અર્થ :-** સુહુમિ-સુક્ષ્મ સંપરાયે, દુસય એકસો બે, લોહંતો લોભનો અંત હોય ખીણ-ક્ષીણ મોહ ગુણઠાણે, દુચરિમ-દ્વિચરિમસમયે, એગસય-એકસો એક, દુનિદ્દ-બે નિદ્રાનો, ખઓ-ક્ષય, નવનવઈ-નવ્વાણું, ચરિમ સમયે-છેલ્લે સમયે, ચઉ-ચાર, દંસણ-દર્શનાવરણીય, નાણ-(પાંચ) જ્ઞાનાવરણીય, વિગ્ઘ-(પાંચ) અંતરાયનો, અંતો-અંત થાય.

**ભાવાર્થ :-** સુક્ષ્મ સંપરાયે ૧૦૨ સત્તામાં હોય, લોભનો અંત થતાં ક્ષીણમોહના દ્વિચરિમ સમયે ૧૦૧ હોય અને નિદ્રાદ્વિકનો અંત થતાં ચરમ સમયે ૯૯ હોય. અંતે દર્શનાવરણીય-૪, જ્ઞાનાવરણીય-૫, અંતરાય-૫ એ ચૌદનો અંત થાય છે.

**પણસીઈ સજોગિ અજોગિ, દુચરિમે દેવ ખગઈગંધદુગં,**
**ફાસટ્ઠવન્નરસતણું, બંધણ સંઘાય પણ નિમિણં ॥ ૩૧ ॥**
**સંઘયણ અથિર સંઠાણ છક્ક, અગુરૂલહુ ચઉ અપજ્જત્તં,**
**સાયં વ અસાયં વા, પરિત્તુવંગતિગ સુસર નિઅં ॥ ૩૨ ॥**

**અર્થ :-** પણસીઈ-પંચ્યાસી, સજોગિ-સયોગી, અજોગિ-અયોગી, દુચરિમે-છેલ્લાના પહેલા સમયે, દેવ-દેવદ્વિક, ખગઈ-ખગતિદ્વિક, ગંધદુગં-ગંધદ્વિક, ફાસટ્ઠ -સ્પર્શ આઠ, વણ્ણ-વર્ણ, રસ-રસ, તણુ-શરીર, બંધણ-બંધન, સંઘાય-સંઘાતન, પણ-પાંચ, નિમિણં- નિર્માણ નામ, સંઘયણ-સંઘયણ, અથિર-અસ્થિર, સંઠાણ-સંસ્થાન, છક્ક-એ ત્રણ ષટ્ક, અગુરૂલહુ,-અગુરૂલઘુ, ચઉ-ચાર, અપજ્જત-અપર્યાપ્ત નામ, સાયં-શાતા વેદનીય, વ-અથવા, અસાયં-અશાતા વેદનીય, પરિત્ત-પ્રત્યેકત્રિક, ઉવંગતિગ-ઉપાંગત્રિક, સુસર-સુસ્વરનામ, નિઅં-નીચગોત્ર.

**ભાવાર્થ :-** સયોગી કેવલીએ પંચ્યાસી, અયોગીના દ્વિચરમ સમય સુધી ૮૫, દેવદ્વિક, વિહાયોગતિદ્વિક, ગંધદ્વિક, સ્પર્શ-૮, વર્ણ-૫, રસ-૫, શરીર-૫, બંધન-૫, સંઘાતન-૫, નિર્માણ, સંઘયણ-૬, અસ્થિર-૬, સંસ્થાન-૬, અગુરૂલઘુ-૪, અપર્યાપ્ત,

શાતા અથવા અશાતા વેદનીય, પ્રત્યેકત્રિક, ઉપાંગત્રિક, સુસ્વર, નીચગોત્ર આ બહોંતેરનો અંત થાય છે.

**બિસયરી ખઓઅ ચરિમે, તેરસમણુઅ તસતિગ જસાઈજ્જં,**
**સુભગજિણુચ્ચપણિંદિય, સાયાસાયેગયર છેઓ ॥૩૩॥**
**નરઅણુપુવ્વીવિણાવા, બારસ ચરિમસમયંમિ જો ખવિઉં,**
**પત્તો સિધ્ધિં દેવિંદ્ર વંદિઅં નમહ તં વીરં ॥૩૪॥**

**અર્થ :-** બિસયરી-બહોંતેર, ખઓ-ક્ષય, ચરિમે-છેલ્લે સમયે, તેરસ-તેર, મણુઅ-મનુષ્યત્રિક, તસતિગ-ત્રસત્રિક, જસ-યશનામ, આઈજ્જં-આદેય, સુભગ-સૌભાગ્ય, જિણ-જિનનામ, ઉચ્ચ-ઉચ્ચગોત્ર, પણિંદિય-પંચેન્દ્રિય જાતિ, સાય-શાતા વેદનીય, અસાય-અશાતાવેદનીય, એગયર-એ બેમાંથી કોઈપણ એકનો, છેઓ-છેદ, નરઅણુપુવ્વી-મનાષ્યાનૂપૂર્વી, વિણાવા-વિના, બારસ-બાર પ્રકૃતિ, ચરિમસમયંમિ-છેલ્લે સમયે, જોખવિઉં-જે ખપાવીને, પત્તો-પામ્યા, સિધ્ધિં-સિધ્ધિ ગતિને, દેવિંદ-દેવેંદ્રો વડે, દેવેંદ્રસૂરિએ, વંદિઅં-નમસ્કાર કરો, નમહ-વંદાયેલા, તેવીરં-તે મહાવીર સ્વામીને.

**ભાવાર્થ :-** બહોંતેરનો ક્ષય થતાં ચરિમ સમયે ૧૩ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. મનુષ્યત્રિક, ત્રસત્રિક, યશ, આદેય, સુભગ, જિનનામ, ઉચ્ચ ગોત્ર, પંચેન્દ્રિય જાતિ, શાતા અથવા અશાતા વેદનીય આ ૧૩ હોય છે. અથવા મનુષ્યાનુપૂર્વી સિવાય છેલ્લા સમયે ૧૨ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. તેનો ક્ષય થાય ત્યારે સિધ્ધિ ગતિને પામે છે. આ રીતે દેવેન્દ્રસૂરિ મહારાજા, શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ચૌદમાના અંતે ૧૨ ને ખપાવીને સિધ્ધિ ગતિને પામ્યા એ રીતની સ્તુતિ કરે છે.

## પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ-૧ તથા ૨ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨. | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૨૩. | કર્મગ્રંથ-૬ - ભાગ-૬ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪. | કર્મગ્રંથ-૬ ભાગ-૭+૮ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ | | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો | | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪. | કલિકાળના કોહિનૂર (જૈનેતરની દૃષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૬ : વિવેચન - ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮. | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૨ : વિવેચન | | ૨૦-૦૦ |

❋❋❋

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.



પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ